**સુવિચાર**

સાંજે ધ્યાનમાં બેસનારને આખા દિવસમાં પોતે શું સારું નરસું કર્યુ છે તે વિશે વિચારવાની તક મળે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૯/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૨૨

## લગભગ તમામ જાણીતાઓને લાલચ આપી મોટી રકમ પડાવી લીધી

# અમરેલીનાં શિક્ષક પંકજ વઘાસિયાએ કંઈકને દોડતા કર્યા

**અનેક રાજકીય આગેવાનોની કાળી કમાણી પણ હડપ કરી લીધી જો કે દબાણવશ તે રકમ પરત આપવી પડયાની ચર્ચા**

**છેલ્લા ર મહિનાથી શિક્ષકનાં કારનામાં ચચાર્મા હોય હવે એક શિક્ષિકાએ ફરિયાદ કરતાં મામલો ગરમાયો**

**અનેક શિક્ષકો, કર્મચારીઓની પરસેવાની કમાણી ઝૂંટવી જનારને જેલનાં સળીયા પાછળ ધકેલવા જોઈએ**

**જે કોઈએ નાણાં ગુમાવ્યા હોય તેઓએ હિંમતભેર ફરિયાદ કરવા આગળ આવવું જોઈએ**

અમરેલી, તા. ૨

અમરેલીનાં પ્રતાપપરા ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતાં પંકજ વઘાસિયા નામનાં શિક્ષકે અવનવી સ્કીમોનાં આધારે ઓળખીતા હોય કે પડોશી તેમને લલચાવી-ફોસલાવીને કરોડો રૂપિયાની રકમ એકત્ર કરીને છુમંતર થઈ જતાં ભોગ બનનાર એક શિક્ષિકાએ તેમની પરસેવાની રૂપિયા ૩૨ લાખ જેવી મસમોટી રકમ ઉઠાવી ગયાની ફરિયાદ નોંધાવતા ભારે ચકચાર મચી છે.

અમરેલી શહેરમાં છેલ્લા એકાદ મહિનાથી પંકજ વઘાસિયાએ

અનુસંધાન પાના ૬ ઉપર

### બાબરા નજીક આવેલ

## મોટા દેવળીયા ગામે કૂવામાં પાણી જોવા જતાં અકસ્માતે પડી જતાં વૃધ્ધનું મોત

**વૃધ્ધ વાડીએ આંટો મારવા જતાં બન્યો બનાવ**

અમરેલી, તા. ૨

બાબરા તાલુકાનાં મોટા દેવળીયા ગામે રહેતા હરજીભાઈ બેચરભાઈ કાવઠીયા નામનાં ૭૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૧/૯નાં રોજ બપોર પછીનાં સમયે પીરવાડીની સીમ તરીકે ઓળખાતી વાડીએ આંટો મારવા જતાં સહિયારા કૂવામાં પાણી કેટલું છે તે જોવા જતાં અકસ્માતે પગ લપસી જતાં અને પાણીમાં પડી જતાં તેમનું ડૂબી જતાં મોત નિપજયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સોલાર પ્લાન્ટમાં જવા માટે પોતાની જમીનમાંથી ચાલવાની ના પાડતા

## બાબરાનાં રાણપુર ગામનાં ખેડૂત રઘુભાઈએ ૪ શખ્સોની ધમકીથી ડરીને ઝેરી દવા પીધી



બાબરા, તા. ૨

બાબરાનાં રાણપુર ગામનાં ખેડૂત રઘુભાઈ હમીરભાઈ વાળાએ ૪ શખ્સોની ધમકીથી ડરીને ઝેરી દવા પી લેતા તેઓને સારવારમાં ખસેડવામાં આવેલ છે.

આ અંગે ખેડૂતે નોંધાવેલ પોલીસ ફરિયાદમાં જણાવેલ છે કે, તા. ૩૧/૮/૨૩નાં બપરોના ચારેક વાગ્યાનાં અરસામાં હું મારી ખેતીની જમીને

અનુસંધાન પાના ૬ ઉપર

**હોમીયોપેથિક સારવાર**
ખરતા વાળ, ખોડો, અકાળે સફેદ વાળ, ખોટી ઉધરસ, અસ્થમા, એલર્જી, આધાશીશી, માઈગ્રેન, ચામડીના રોગો, ખરજવુ, સોરીયાસીસ, ખીલ, સાંધાનો દુઃખાવો, હરસ, મસા, ડીપ્રેશન, બેચેની જેવા તમામ રોગોની સંપૂર્ણ સારવાર મળશે.
ફોન ઉપર પણ સારવાર ઉપલબ્ધ : મો. ૯૧૦૯૮ ૨૫૪૧૩
ડૉ. પાયલ બોરાણિયા B.H.M.S.
નિયમિત મળશે : સોમ થી શનિ - સવારે ૧૦ થી ૧૨
ૐ ડેન્ટર કિલનીક & હોમીયોપેથિક સેન્ટર
સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન-૨૩૦૩૦૦, મો.૭૦૧૬૮ ૩૭૧૩૭

**ડૉ. વિવેક જોષી**
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ M.B.D.P.M. FIPS.MIAPP
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
ડિપ્રેશન ■ ચિંતા ■ ધનુરોગ ■ વિચારવાયુ ■ વહેમ ■ શંકા ■ મરવાના વિચારો ■ સ્કીઝોફેનીયા ■ માથાનો દુઃખાવો ■ ખેંચ ■ આંચકી ■ વાઈ ■ તાણ ■ વ્યસનમુકિત ■ યાદશકિત ઓછી હોવી ■ બાળ માનસીક રોગો.
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની તપાસ
- વડીલો માટે કાનના આધુનિક મશીનમાં વિશેષ છૂટ
કોકલીયર ઈમ્પ્લાન્ટ : ઓપરેશન વિશે સંપૂર્ણ માર્ગદર્શન, મેપિંગ, સ્પીચ થેરાપી તથા મશીન રીપેરીંગની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

**સારહિ યુથ કલબ ઓફ અમરેલી** દ્વારા આયોજીત
"સેવા વર્ષ" ઉજવણી 25 ''રજત જયંતિ''
સ્પોન્સર્ડ બાય : મજેદાર મસાલા

**જન્માષ્ટમી લોકમેળો - ૨૦૨૩**



તારીખ : ૦૩-૦૯-૨૦૨૩, રવિવાર.
સમય : બપોરના ૨:30 કલાકે.
સ્થળ : ફોરવર્ડ હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, અમરેલી.

: ઉદ્દઘાટન સમારોહ :
સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા આયોજીત જન્માષ્ટમીના પવિત્ર તહેવાર નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિનાં લાભાર્થે શહેરની મધ્યમાં વિશાળ સુવિધાસભર લોકમેળાનું તારીખ : ૦૩-૦૯-૨૦૨૩ થી તા. ૦૮-૦૯-૨૦૨૩ સુધી આયોજન કરવામાં આવેલ છે. આ જન્માષ્ટમી લોકમેળો-૨૦૨૩ના ઉદ્દઘાટન પ્રસંગે તા. ૦૩-૦૯-૨૦૨૩ ને રવિવાર બપોરનાં ૨:૩૦ કલાકે મિત્રમંડળ સહિત ઉપસ્થિત રહી લોકમેળાને દિપાવશો, તેવું અમારૂ હાર્દિક નિમંત્રણ છે.

: ઉદ્દઘાટન સમારોહના અધ્યક્ષ : મહંતશ્રી ભકિતરામબાપુ (ભોજલરામધામ, ફતેપુર), લઘુ મહંતશ્રી મહાવીરબાપુ (દાનેવધામ, ચલાલા)
: ઉદ્દઘાટક : શ્રી દિલીપભાઈ સંઘાણી, ચેરમેન NCUI-દિલ્હી, ઈફકો, ગુજકોમાસોલ
: મુખ્ય મહેમાન : શ્રી કૌશિકભાઈ વેકરીયા, નાયબ મુખ્ય દંડક ગુજરાત વિધાનસભા

: રાજસ્વી ગૌરવ :
શ્રી નારણભાઈ કાછડીયા (માન.સાંસદ : અમરેલી) | શ્રીમતિ મનિષાબેન સી. રામાણી (પ્રમુખ : ન.પા. અમરેલી) | શ્રી પરેશભાઈ ધાનાણી (પૂર્વ વિપક્ષનેતા : ગુજરાત વિધાનસભા) | શ્રી મહેશભાઈ કસવાલા (ધારાસભ્ય : સાવરકુંડલા)
માન.શ્રી શૈલેષભાઈ સંઘાણી (ચેરમેન : અમરેલી માર્કેટીંગ યાર્ડ) | શ્રી અંબરીષભાઈ ડેર (પૂર્વ ધારાસભ્ય : રાજુલા-જાફરાબાદ) | શ્રી જે.વી. કાકડીયા (ધારાસભ્ય : ધારી-બગસરા) | શ્રી પી.પી. સોજીત્રા (ચેરમેન : નાગરિક બેંક અમરેલી)
શ્રી વિરજીભાઈ ઠુંમર (પૂર્વ ધારાસભ્ય : અમરેલી) | શ્રી જનકભાઈ તળાવીયા (ધારાસભ્ય : લાઠી-બાબરા) | શ્રી રાજેશભાઈ કાબરીયા (પ્રમુખ : અમરેલી જિલ્લા ભાજપ) | શ્રી પ્રતાપભાઈ દુધાત (પૂર્વ ધારાસભ્ય : સાવરકુંડલા-લીલીયા)
શ્રી અશ્વિનભાઈ સાવલીયા (ચેરમેન : અમર ડેરી અમરેલી) | શ્રી ભાવેશભાઈ સોઢા (પ્રમુખ : અમરેલી શહેર ભાજપ) | શ્રીમતિ રેખાબેન મોવલીયા (પ્રમુખ : જિલ્લા પંચાયત અમરેલી)

: અતિથિ વિશેષ : શ્રી દહિયા સાહેબ (કલેકટરશ્રી, અમરેલી.), શ્રી હિમકરસિંહ સાહેબ (પોલીસ અધિક્ષકશ્રી)

: આમંત્રીત મહેમાન :
શ્રીમતી પ્રજ્ઞાબેન ડી. સાવલીયા (પ્રમુખ : તાલુકા પંચાયત, અમરેલી) | શ્રી ભરતભાઈ આર. બુટાણી (પ્રમુખ : તાલુકા પંચાયત, બાબરા.) | શ્રીમતી રેખાબેન એલ. આંબલીયા (પ્રમુખશ્રી : નગરપાલિકા-બાબરા.) | શ્રીમતી પૂર્વીબેન વિ. સોરઠીયા (પ્રમુખ, તાલુકા પંચાયત, કુંકાવાવ.)
શ્રીમતી અનીતાબેન એલ. બાળધા (પ્રમુખ : તાલુકા પંચાયત, સાવરકુંડલા.) | શ્રીમતી ચાંદનીબેન પી. નારોલા (પ્રમુખશ્રી : નગરપાલિકા, દામનગર.) | શ્રીમતી જયશ્રીબેન એ. કાનાણી (પ્રમુખ : તાલુકા પંચાયત ધારી.) | શ્રી મીઠાભાઈ એસ. લાખણોત્રા (પ્રમુખ : તાલુકા પંચાયત, રાજુલા.)
શ્રીમતી તૃપ્તીબેન આર. દોશી (પ્રમુખશ્રી : નગરપાલિકા, સાવરકુંડલા.) | શ્રીમતી નીતાબેન કે. તંતી (પ્રમુખશ્રી : તાલુકા પંચાયત, ખાંભા.) | શ્રીમતી મંજુબેન એન. બાંભણીયા (પ્રમુખ : તાલુકા પંચાયત, જાફરાબાદ.) | શ્રીમતી ગીતાબેન કારીયા (પ્રમુખ : નગરપાલિકા, ચલાલા)
શ્રીમતી સુનીતાબેન પી. પરમાર (પ્રમુખશ્રી : તાલુકા પંચાયત, લાઠી.) | શ્રી ઈંદુભાઈ બી. ખીમસુરીયા (પ્રમુખશ્રી : નગરપાલિકા, બગસરા.) | શ્રીમતી કોમલબેન બારૈયા (પ્રમુખ : નગરપાલિકા, જાફરાબાદ) | શ્રી રમેશભાઈ વિઠલાણી (મેનેજીંગ ટ્રસ્ટી : ફોરવર્ડ સ્કૂલ)
શ્રી સંજયભાઈ વણઝારા : ગોપાલ ફુડ્સ - મજેદાર મસાલા

નિમંત્રક : મુકેશ સંઘાણી
પ્રમુખ : સારહિ યુથ કલબ ઓફ અમરેલી પરિવાર

નોંધ :- આ મેળા દરમ્યાન થતી આવક વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપરવામાં આવે છે.

**સાંભળવામાં તકલીફ વાત સમજવામાં તકલીફ**
**કાનમાં તમરા બોલવા કાનની નસ સુકાય તો...**
હવે, કાનની બહેરાશ માટેનું નિદાન સચોટ અને વ્યાજબી કિંમતમાં
- કાનની બહેરાશની તપાસ
- નાના બાળકોમાં કાનની તકલીફની તપાસ
- આધુનિક કાનના મશીનો વ્યાજબી કિંમતમાં
- અદ્યતન કમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપી
- કવોલીફાઈડ ઓડિયોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન
શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક
બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

### પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા ઉત્તમ કામગીરી

## અમરેલીની SBIમાં ૫૦ હજાર જમા કરાવનાર આવેલ અરજદારને રકમ પરત મળી

### સીટી પીઆઈ વાઘેલાનાં માર્ગદર્શનતળે કામગીરી



અમરેલી, તા. ૨

અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની નાગનાથ મેઈન બ્રાંચમાં રોકડ જમા કરાવવા આવેલ અરજદારના રોકડ રૂપિયા ૫૦,૦૦૦ ગણતરીની કલાકોમાં શોધી રોકડ રકમ પરત કરતી અમરેલી સીટી સર્વેલન્સ ટીમ.

અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી સર્વેલન્સ ટીમ ધ્વારા અરજી તા. ૧ અરજદાર હરેશભાઈ ભાભલુભાઈ ધાંધલ રહે. સાજીયાવદર (તા.જી. અમરેલી) વાળા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા નાગનાથ મેઈન બ્રાંચ અમરેલી ખાતે પોતાના બેન્ક ખાતામાં રોકડ રકમ જમા કરાવવા આવેલ હોય. તે સમયે પૈસાની ગણતરી કરતા રૂપિયા ૫૦,૦૦૦ની રોકડ ગુમ થયેલ. જે અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ ધ્વારા ટેકિનકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સીની મદદથી ગણતરીની કલાકોમાં શોધી અરજદારને રોકડ રકમ રૂા. ૫૦,૦૦૦ પરત કરી સારી કામગીરી કરેલ છે.

### તાલુકા મામલતદાર દ્વારા દબાણકર્તાને તાકીદ કરવામાં આવી

## ફફડાટ : સા.કુંડલાની સરકારી પડતર અને ગૌચર જમીનોમાં થયેલ દબાણ ૩૦ દિવસમાં દૂર કરો

### ૩૦ દિવસમાં દબાણ દૂર ન થાય તો તંત્ર કામગીરી કરશે

અમરેલી, તા. ૨

સાવરકુંડલા શહેર તથા ગ્રામ્ય વિસ્તારનાં તમામ નિવાસીઓને સૂચિત કરવામાં આવે છે કે, સાવરકુંડલાનાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સરકારની માલિકી હસ્તકની સરકારી પડતર કે ગૌચર પૈકીની જમીનોમાં કોઈ પણ ઈસમો દ્વારા ગેરકાયદેસર કે અનઅધિકૃત રીતે દબાણ કરવામાં આવ્યું હોય તો તેવું દબાણ ૩૦ દિવસમાં સ્વખર્ચે દૂર કરવું. જો આ દબાણ જણાવેલી સમયમર્યાદામાં દૂર નહિ કરવામાં આવે તો આવું ગેરકાયદેસર કે અનઅધિકૃત દબાણ તાલુકા વહીવટી તંત્ર દ્વારા દૂર કરવામાં આવશે તથા આ પ્રકારનું દબાણ દૂર કરવા અંગેનાં તમામ ખર્ચની જવાબદારી પણ દબાણ કરનાર જે–તે ઈસમોની રહેશે. આવા અનધિકૃત દબાણો દૂર ન કરનાર ઈસમો વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જે અંગેની તમામ જવાબદારી દબાણ કરનારની પોતાની રહેશે. આ અંગે સાવરકુંડલા તાલુકા શહેરી તથા ગ્રામ્ય વિસ્તારનાં તમામ લોકોને સૂચિત કરવામાં આવે છે. તેમ સાવરકુંડલા તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.

### વિદેશી દારૂની ૪૪ બોટલ સાથે

## સાવરકુંડલાનાં બે શખ્સોની ખાંભાના પચપચીયા ગામ નજીકથી અટકાયત

### ખાંભા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨

સાવરકુંડલા ગામે રહેતા મેહુલભાઈ કેશુભાઈ બગડા તથા રાહુલભાઈ રામજીભાઈ ચૌહાણ નામના બે ઈસમોએ પોતાના હવાલાવાળી ટુ વ્હીલર ગાડીમાં ખાંભા તાલુકાનાં પચપચીયા ગામ પાસેથી વગર પાસ–પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂ ALL SEASONS GOL વેલ જે એક બોટલ નંગ ૧૨ બોટલની કિંમત રૂા. ૩,૯૦૦, IMPERIAL BLUE HAND PINKED GRAIN WHISKY ૧૮૦ ML વાળી કંપનીના રીંગ પેક બોટલો ૨૮ નંગ બોટલની કિંમત રૂા. ૨૨૪૦, MACDOWELLS NO. 1 RESERVE WISKY ORIGNAL ૧૮૦ ML વાળી કંપનીના રીંગ પેક બોટલ નંગ ૪ બોટલની કિંમત રૂા. ૩૨૦ મળી કુલ બોટલ નંગ–૪૪ જેની કિંમત ૬૪૬૦ તથા બાઈક મળી કુલ કિંમત રૂા. ૩૬,૪૬૦ના મુદામાલ સાથે હેરાફેરી કરતા ખાંભા પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### સામાન્ય બાબતે માર માર્યો

## અમરેલી : સુખનાથપરામાં કુરીયર આપવા ગયેલ મહિલાને માર મારી ગંભીર ઈજા કરી

### મહિલાએ જયેશ તળાવીયા સામે નોંધાવી ફરિયાદ

અમરેલી, તા. ૨

અમરેલી તાલુકાનાં કેરીયાચાડ ગામનાં વતની અને હાલ ચકકરગઢ રોડ ઉપર રહેતા અને ઘરકામ કરતાં પૂર્વિબેન યોગેશભાઈ જોષી નામનાં મહિલા ગત તા. ૨૮નાં રોજ પોતાના પુત્ર સાથે અમરેલીનાં સુખનાથપરા શેરી નં. ૭/૩ માં રહેતા જયેશભાઈ ડી. તળાવીયાનાં ઘરે કુરીયર આપવા જતાં આરોપી જયેશ તળાવીયાએ કુરીયર બાબતે ગુસ્સો કરી મહિલાને કપાળનાં ભાગે, મોઢાનાં ભાગે ઢીકાપાટુનો માર મારી ઈજા કર્યાની ફરિયાદ સીટી પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સા.કુંડલા : ગુરૂકુળ ખાતે જન્માષ્ટમીની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા ગુરૂકુળ ખાતે ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિધાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ મટકી ફોડ, આરતી તથા રાસ તૈયાર કરવામાં આવેલ. જેમાં સાવરકુંડલાના દાસ પેંડાવાળા સંદીપભાઈ મહેતા, શ્વેતાબેન મહેતા તેમજ હરેશભાઈ જોષી અતિથિ દ્વારા આરતી ઊતારવામા આવેલ તથા જતીનભાઈ એકવાળીયાના સુપુત્ર ધ્યાનમા (વિરૂ)ને કાનુડો બનાવવામાં આવેલ. ખુબ સુંદર રીતે કાર્યક્રમને તમામ વાલીગણે આવકારેલ. કાર્યક્રમનુ સંચાલન શાળાના આચાર્ય વ્યાસ તથા કૌશીકભાઈ ગોસ્વામી તેમજ તમામ સ્ટાફ દ્વારા તૈયાર કરવામાં આવેલ. વિજેતા વિધાર્થીઓને ઈનામો આપવામાં આવેલ તેમજ કૃષ્ણ ભગવાનની પંજરીનો પ્રસાદ આપવામાં આવેલ.

### સીટી પોલીસે બાતમીનાં આધારે દરોડો પાડયો

## અમરેલીની શ્રી રંગ સોસાયટી શેરી નં. ૨ નાં નાકા ઉપર જુગાર રમતા ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

### પોલીસે રૂપિયા ૧૪,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૨

અમરેલી રહેતા વિશ્ર્વેસભાઈ રમેશભાઈ પાનેરી, નીતીનભાઈ રતીલાલ જોષી, રીતેષભાઈ છગનભાઈ કામોટી તથા અમિતભાઈ રતીભાઈ ખોરાસીયા નામના ચારેય ઈસમો અમરેલીનાં ચીતલ રોડ ઉપર આવેલ શ્રી રંગ સોસાયટી શેરી નં.૨ નાં નાકા ઉપર કેટલાક ઈસમો કુંડાળુ વાળી સ્ટ્રીટ લાઈટનાં અંજવાળે ગંજીપત્તાનાં પાના વડે જુગાર રમતા હોય સીટી પોલીસને બાતમી મળતા દરોડો પાડી ઉપરોકત તમામ ઈસમોને જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂા.૧૪,૦૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

### પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય યોજના અંતર્ગત

## નાના માચીયાળા ગામના રહેવાસી બહાદુરભાઈ નાજભાઈ આલાણીનાં ઘરનાં ઘરનું સપનું સાકાર

### ૬ મહિનામાં કામ પૂર્ણ કરતાં વધારાની રૂા. ૨૦ હજારની સહાય મળી



અમરેલી તા. ૨

અમરેલી તાલુકા પંચાયત દ્વારા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં અધ્યક્ષસ્થાને સિવીલ હોસ્પિટલ ઓડિટોરિયમ હોલ, અમરેલી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય ચેક, બાથરૂમ સહાય અને પ્રશસ્તિ પત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલીના નાના માચીયાળા ગામના રહેવાસી બહાદુરભાઈ નાજભાઈ આલાણી પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે લાભાર્થી તરીકે ફોર્મ ભર્યુ હતુ. આ યોજના અન્વયે બહાદુરભાઈને મકાન બાંધકામ સહાય સ્વરૂપે રૂા. ૧,૨૦,૦૦૦ ની રકમ પ્રાપ્ત થઈ હતી. બહાદુરભાઈએ પોતાના ઘરના ઘરનું બાંધકામ મંજૂરી મળ્યા બાદ ૬ મહિનામાં પૂર્ણ કર્યુ હતુ. આથી રૂા. ૨૦ હજારની વધારાની મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય પણ પ્રાપ્ત થઈ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય ચેક, બાથરૂમ સહાય અને પ્રશસ્તિ પત્ર વિતરણ કાર્યક્રમમાં બહાદુરભાઈને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં હસ્તે રૂા. ૨૦ હજારના વધારાની સહાયનો ચેક અને પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. બહાદુરભાઈ આલાણીએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યુ કે, પ્રધાનમંત્રી આવાસ યોજના થકી ગરીબ લોકોના પોતાના ઘરના ઘરનું સપનું સાકાર કરવામાં મદદ મળી રહી છે. ઘરના ઘરનું મારૂં સપનું આ યોજના થકી સાકાર થયું છે અને મને વધારાની મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય સ્વરૂપ રૂા. ૨૦ હજારની રકમ પણ મળી છે. આમ, સરકારની સહાય થકી 'ઘરના ઘર'નું મારું સપનું પૂર્ણ થયું, હું અને મારો પરિવાર ખુશ છીએ. બહાદુરભાઈએ સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

## બાબરામાં વિવેકાનંદ વિધાલય દ્વારા શ્રીકૃષ્ણ લીલામૃત કાર્યક્રમ યોજાશે

બાબરા, તા. ૨

બાબરામાં ઉમિયા નગર વિસ્તારમાં આવેલ શ્રી વિવેકાનંદ વિધાલયમાં આગામી તા. ૪/૯/૨૩ ને સોમવારનાં રોજ રાત્રીના ૮ થી ૧૧ શ્રી કૃષ્ણ લીલા અમૃતનાં દિવ્ય કાર્યક્રમનું શાળા પરિવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી વિવેકાનંદ વિધાયલનાં મુખ્ય ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીણાંનાં માર્ગદર્શન હેઠળ શાળાના આચાર્ય ચૈતન્યભાઈ, દવેભાઈ સહિતનાં શાળાના શિક્ષકો દ્વારા સમગ્ર કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

અહીં શાળામાં અભ્યાસ કરતા નર્સરી થી ધો ૧૨ સુધીના બાળકો શ્રી કૃષ્ણ લિલામૃત કાર્યક્રમ ભાગ લઈ રાધા કૃષ્ણ વેશ પરિધાન, માતા યશોદા તેમજ રાસ ગરબા અને મટકી ફોડ સહિતનાં અન્ય નાટકો અને કાર્યક્રમ રજૂ કરવામાં આવશે તેમજ કાર્યક્રમ પૂર્ણ થયે તમામ વિધાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ સિવાય શાળામાં વરસ દરમિયાન આયોજિત અન્ય કાર્યક્રમમાં ભાગ લેનાર વિધાર્થીને પ્રમાણપત્રો તેમજ ઈનામ વિતરણ પણ કરવામાં આવશે.

### અનેક લાયક વ્યકિતઓ લાભ વિહોણા

## અમરેલી જિલ્લામાં ઈન્દિરા ગાંધી વૃધ્ધ પેન્શન યોજના બાબતે પરેશાની

### જાગૃત અગ્રણીએ મુખ્યમંત્રીને રજૂઆત કરી



અમરેલી, તા. ૨

ઈન્દીરાગાંધી વૃધ્ધ પેન્શન સહાય યોજના આ યોજના મેળવવા માટે ફરજીયાત બી.પી.એલ. કાર્ડ માંગવામાં આવે છે. તેમજ સુવર્ણ જયંતિ કાર્ડ શહેરી વિસ્તાર માટે માંગવામાં આવે છે.

જયારે ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા લોકો માટે ૦ થી ૨૦ નાં સ્કોરમાં નામ હોય તેવું માંગવામાં આવતું હોય છે. આ યોજનાનો ફકત બી.પી.એલ. નહીં પરંતુ બી.પી.એલ. રેશનકાર્ડ માન્ય રાખી આ યોજનાનો લાભ આપવામાં આવે છે. ઘણા લોકોએ રજૂઆત કરી હતી કે ઈન્દીરા ગાંધી વૃધ્ધ સહાય મેળવવા માટે મોટી હાલાકી પડતી હોય છે. જો સરકાર નવા બી.પી.એલ. કાર્ડ આપે અથવા બી.પી.એલ. રેશન કાર્ડ માન્ય રાખવામાં આવે તો ગરીબ લોકોને તેનો લાભ મળે અને ગરીબ લોકોને હાલાકી ના પડે તેવી માંગ રાષ્ટ્રીય દલિત અધિકારમંચનાં પ્રમુખ ભરત કાતરીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કરેલ છે.

## બાબરા : વાવડા ગામે સરદાર પટેલની પ્રતિમાની અનાવરણવિધિ સંપન્ન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અખંડ ભારતનાં નિર્માતા સરદાર પટેલની પ્રતિમાની અનાવરણ વિધિ શનિવારના રોજ બાબરા તાલુકાના વાવડા ગામે સરદાર પટેલની પ્રતિમાની અનાવરણવિધિનો કાર્યક્રમ યોજાયો. જેમાં લાઠી બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, તાલુકા પ્રમુખ ભરતભાઈ બુટાણી, અશોકભાઈ રાખોલીયા તથા પોલિસ સ્ટાફ અને સમગ્ર ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સરદાર પટેલના સ્ટેચ્યુનું અનાવરણવિધિ ફૂલહાર તથા ધ્વજવંદનનો કાર્યક્રમ ધારાસભ્યનાં હસ્તે કરવામાં આવ્યો હતો. આ અંગે ગામના અગ્રણી આગેવાન ધર્મેશભાઈ ભાયાણી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

### એસ.પી.ની સુચનાથી મરીન પિપાવાવ પોલીસની કામગીરી

# વિસળીયા ખાતે સેન્ટીંગનાં સામાનની ચોરી કરનર શખ્સોને ઝડપી લેવાયા

અમરેલી, તા. ૨

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહે જરૂરી પેટ્રોલીંગ કરી મિલ્કત સંબંધી ગુન્હાઓ કરતા ઈસમો ઉપર વોચ રાખી મિલ્કત સબંધીત ગુન્હાઓ ડીટેકટ કરી ચોરીમાં ગયેલ મુદ્દામાલ મુળ માલિકને પરત મળી રહે તે માટે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય તેમજ સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ માર્ગદર્શન આપેલ હોય, પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વિસળીયા ગામે પુલ પાસે પુલ બનાવવાનો લોખંડનો સેન્ટીંગનો સામાન કુલ રૂપિયા ૨૦૦૫૦૦ નો કોઈ અજાણ્યા ઈસમોએ ચોરી કરી લઈ ગયેલ હોય, જે અંગે ઈન્દ્રપાલ ગોપીરામ વર્મા રહે. હાલ રાજુલા(મુળ હરિયાણા)એ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા જે ગુન્હાની ગંભીરતા સમજી મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનનાં



પોલીસ સબ ઈન્સ એ.આર. છોવાળા તથા સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ કરી ખાનગી બાતમીદારોને મળી, શકદાર ઈસમોને ચેક કરી, ગણતરીનાં કલાકોમાં રાજુલા તાલુકાનાં વિસળીયા ગામે રહેતા આરોપી સવજીભાઈ ઉર્ફે ભુરો આણંદભાઈ શિયાળ, વિલેશભાઈ ભરતભાઈ શિયાળ , રાજુલા તાલુકાનાં દાતરડી ગામે રહેતા તુષારભાઈ ભરતભાઈ ભીલ, જીતુભાઈ ગીગાભાઈ ભીલ, અજયભાઈ છગનભાઈ ભીલ, વિપુલભાઈ ભરતભાઈ ભીલ તથા મહુવા તાલુકાનાં નેસવડ ગામે રહેતા અરવિંદભાઈ રામજીભાઈ પીઠવા સહિતનાં ૭ ઈસમોને ચોરીમાં ગયેલ મુદ્દામાલ કુલ રૂપિયા ૨,૦૦,૫૦૦ તથા ચોરીનાં કામે ઉપયોગમાં લીધેલ વાહન બોલેરો નં. જી.જે.૧૪–ઝેડ–૪૦૦૮ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### મહંત ભક્તિરામબાપુ અને લઘુમહંત મહાવીરબાપુનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે આજથી સારહિ યુથ કલબ દ્વારા જન્માષ્ટમી લોકમેળાનો દબદબાભેર પ્રારંભ

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા પ્રારંભ કરવામાં આવશે





અમરેલી, તા. ૨

અમરેલી પંથકમાં સેવાકીય કાર્યો કરતી સારહિ યુથ કલબ ઓફ અમરેલી ધ્વારા આવતીકાલ રવિવારે બપોરે ૨–૩૦ કલાકે જન્માષ્ટમી લોકમેળાનો પ્રારંભ ભોજલરામ–ફતેપુરનાં મહંત ભકિતરામબાપુ અને લઘુ મહંત મહાવીરબાપુની અધ્યક્ષતામાં ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં વરદહસ્તે કરવામાં આવશે.

આ તકે સાંસદ કાછડીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા, પાલિકા પ્રમુખ મનિષાબેન રામાણી, માર્કેટયાર્ડનાં ચેરમેન શૈલેષ સંઘાણી, નાગરિક બેન્કનાં ડાયરેકટર પી.પી. સોજીત્રા, ભાજપા પ્રમુખ રાજેશ કાબરીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા, અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, જિલ્લા પંચાયત પ્રમુખ રેખાબેન મોવલીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશ સોઢા અને કલેકટર અજય દહીયા, પોલીસ અધિક્ષક હિમકરસિંહ ઉપસ્થિત રહેશે. ફોરવર્ડ હાઈસ્કૂલનાં વિશાળ પટાંગણમાં યોજાનારા લોકમેળામાં ઉપસ્થિત રહેવા સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીએ અનુરોધ કરેલ છે.

### લથડીયા ખાતા શખ્સની અટકાયત કરાઈ

# અમરેલી જાહેરમાં દારૂ પી લથડીયા ખાતા શખ્સનો વિડીયો વાયરલ થતાં કાર્યવાહી

### જાહેર જનતાને આવી ઘટના અંગે જાણકારી આપવા જણાવાયું

અમરેલી, તા. ૨

અમરેલી જીલ્લા પોલીસ અધીક્ષક હિંમકરસિંહ દ્વારા અમરેલી જીલ્લામાં દારૂની બદી સદંતર દૂર કરવાં પ્રોહીબીશન લગત પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી શહેરમાં એક ઈસમ નશાની હાલતમાં જાહેર રસ્તામાં લથડીયા ખાતો હોય તે અંગેનો સોશ્યલ મિડીયામાં વિડીયો વાયરલ થયેલ હોય, જે અન્વયે તત્કાલીક ધોરણે અમરેલી સીટી પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની સુચના



તથા માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ દ્વારા વાયરલ થયેલ વિડીયોમાં દેખાતા ઈસમની ઓળખ કરી અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ તથા વોચ ગોઠવી વીડિયોમાં દેખાતો ઈસમ સંજયભાઈ જીવાભાઈ ખિસડીયા, રહે. જેસીંગપરા, શેરી નં.૫, અમરેલી વાળાને નશો કરેલી હાલતમાં પકડી પાડી ધોરણસર અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી કોઈ પ્રોહીબીશન લગત કોઈ પ્રવૃત્તિ જણાય આવે તો અમરેલી શહેરની જનતાને અમરેલી સીટી પોલીસ સ્ટેશનના ટેલીફોન નં.૦૨૭૯૨–૨૨૩૫૫૦ ઉપર જાણ કરવા જણાવાયું છે.

### સૌ પ્રથમ ૨૪ કટ્ટાની આવક

# અમરેલી : માર્કેટયાર્ડમાં સિઝનનાં નવા મગની આવક શરૂ થઈ

### રૂપિયા ૧૮૧૫ પ્રતિમણનો ભાવ ખેડૂતને મળ્યો

અમરેલી, તા. ૨

અમરેલીસાવરકુંડલા રોડ પર બનેલ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી, નવા માર્કેટયાર્ડમાં તા. ૦૨/૯/૨૦૨૩નેશનિવારનાંરોજ સિઝનનાં નવા મગની આવક શરૂ થઈ હતી. અંદાજીત ૨૪ કટ્ટા જેટલી નવા મગની આવક થઈ હતી. જેમાં જુદા–જુદા ચાર ખેડૂતો દ્વારા વેંચાણ અર્થે મગ આવેલ હતા. જેનાં જાહેર હરરાજીમાં અનુક્રમે રૂા. ૧૮૧૫/– પ્રતિ મણ જેવા ઉંચા ભાવે વેંચાણ થયેલ હતા. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવા મગની આવક શરૂ થઈ ગયેલ છે અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# સાવરકુંડલા તાલુકા પંચાયતનાં પ્રમુખપદે જીતુભાઈ કાછડીયાનું નામ ચર્ચામાં

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા તાલુકા પંચાયતની અઢી વર્ષની ટર્મ પૂરી થતાં બીજી ટર્મ માટે પ્રમુખની વરણી કરવા માટે ભાજપનાં ચૂંટાયેલા સભ્યો પાસે જિલ્લા ભાજપ ખાતે સેન્સ લેવામાં આવતા સાવરકુંડલા તાલુકા પંચાયતના કુલ ૨૨ સભ્યોના બોર્ડમાં તેર સભ્યો ભાજપનાં ચૂંટાયેલા છે તે તમામ સભ્યો વતી હાલના પ્રમુખ અનિતાબેન બાલધાનાં પ્રતિનિધિ લલીતભાઈ બાલધાએ ગાધકડા સીટ ઉપરથી ચૂંટાયેલા યુવા નેતા જીતુભાઈ કાછડીયાનું નામ રજૂ કરતા આવતી ૧૪ તારીખે જીતુભાઈ કાછડીયાની વરણી નિશ્ચિત થઈ ગઈ છે. સાવરકુંડલા તાલુકા પંચાયતમાં ભાજપના ૧૩ સભ્ય, કોંગ્રેસના ૮ સભ્ય અને આમ આદમી પાર્ટીના ૧ સભ્ય ચૂંટાયેલા છે. ભાજપ ધ્વારા હોદેદારોની નિમણૂંક માટે ગુજરાતભરમાં સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે અને હોદેદાર બનવા કાર્યકરોમાં હોડ જામી છે. ત્યારે મોવડી મંડળ માટે પણ નિર્ણય લેવામાં ધર્મ સંકટ થતું હોય છે. ત્યારે સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે દરેક સભ્યોએ એક જ નામ સર્વાનુમતે રજૂ કર્યુ હોય. ગુજરાતભરમાં સૌ પ્રથમ સાવરકુંડલા તાલુકા પંચાયતનાં પ્રમુખ જાહેર નિશ્ચિત થઈ ગયા છે નવા પ્રમુખ



જીતુભાઈ કાછડીયા સાવરકુંડલા તાલુકાની ગાધકડા સીટ ઉપરથી પ્રથમ વખત જ ચૂંટણી લડયા અને પ્રથમ વખત જંગી બહુમતીથી જીત હાંસલ કરી છે. જીતુભાઈ કાછડીયા કૃષિ મેનેજમેન્ટ કોર્સમાં જુનાગઢ યુનિવર્સિટીમાંથી સ્નાતક છે એવા કાછડીયા ૩૭ વર્ષના યુવા પ્રમુખ હોય અમરેલી જિલ્લામાં સૌથી નાની વયે તાલુકા પ્રમુખ બનવા માટે જઈ રહ્યાં હોય. ત્યારે સાવરકુંડલા શહેર, ગ્રામ્ય ભાજપ અને રાજકીય વર્તુળોમાંથી તેમને અભિનંદન મળી રહ્યા છે. જયારે ઉપપ્રમુખ સહિત અન્ય હોદેદારોની નિમણૂંક સંગઠન સુચવે તે મુજબ થશે તેમ લલિતભાઈ બાલધાએ જણાવ્યું છે.

### નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં હસ્તે

# અમરેલીનાં રીકડીયા ગામે નવા આંગણવાડી કેન્દ્રનું ખાતમુર્હુત સંપન્ન

### રૂા. ૧૨ લાખનાં ખર્ચે સુવિધાસભર આંગણવાડી કેન્દ્રનું નિર્માણ થશે

અમરેલી, તા. ૨

સર્વસમાવેશી વિકાસને વરેલી રાજય સરકારે બજેટના દ્વિતીય સ્થંભ અંતર્ગત માનવ સંસાધન વિકાસની નેમ સાથે મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના અમલ માટે જોગવાઈ કરી છે. સમગ્ર રાજયમાં સુવિધાસભર આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવે છે. ભૂલકાઓના સર્વાંગી વિકાસ અને ઉજજવળ ભવિષ્ય માટે શનિવારે અમરેલી જિલ્લાના રીકડીયા ગામે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડીયા–કુંકાવાવ મતવિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આંગણવાડી કેન્દ્રના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

રીકડીયા ખાતે મનરેગા, આઈ.સી.ડી.એસ. અને એ.ટી.વી.ટી.ના સંયુકત અનુદાનથી રૂા. ૧૨ લાખના ખર્ચે ભૂલકાઓ માટે સુવિધાસભર આંગણવાડીનું નિર્માણ થશે. આ પ્રસંગે નાયબ મુખ્યદંડકે આ સુવિધા તૈયાર થઈ જતા ગામના ભૂલકાઓનો સર્વાંગી વિકાસ થશે તેવો વિસ વ્યકત કર્યો હતો તેમજ જ રાજય સરકારના પ્રજાલક્ષી અભિગમ સાથે જિલ્લામાં થઈ રહેલા



વિકાસકાર્યોની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, પંચયાતના સદસ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.





* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર ▪ સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...


ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ


ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા. ૦૩-૦૯-૨૦૨૩


**પ્રકરણ-૧૫૧**

**'તેરે પ્યાર કા, આશરા ચાહતા હૈ, વફા કર રહા હું વફા ચાહતા હું**
**બડેના સમજ હો હસીનો સે વફા ચાહતે હો.**
**તું હિન્દુ બનેગા, ના મુસલમાન બનેગા. ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા..**

પ્રિય વાચક મિત્રો,

સાતમ આઠમના તહેવારો નજીક આવી ગયા છે,ભગવાનશ્રી કૃષ્ણના જન્મોત્સવની દરેક વાચક મિત્રોને શુભ કામનાઓ સાથે, અશોક કુમારની ફિલ્મોની વાત કરીશું, અશોકકુમાર હમેશા એક સૂપર હિટ કે હિટ ફિલ્મ આપી રહ્યા છે, નવા આવેલ કલાકાર રાજેન્દ્રકુમાર સાથે ની અશોકકુમારની આજની ફિલ્મ 'ધૂલ કા ફૂલ' ની વાત કરીશું. ધૂલ ક ફૂલ એટલે જન્મી તરત તરછોડાયેલ બાળક, અને આજે પણ વર્તમાન પત્ર કે ન્યુજ ચેનલમાં આપણે આ શબ્દને તેવા બાળ ક માટે ઉપયોગ થતાં વાંચીએ કે સાંભળ ીએ છીએ. તે સમયની આ ફિલ્મ કઈક નવી કહાની લઈ આવી હતી, ત્યારબાદ હિન્દી સિનેમા માં આ કથાનક પર ઘણી ફિલ્મો બની અને સફળ પણ થઈ છે. એક અનાથ બાળકની વ્યથા શું હોય છે? અને જયારે તેને ખબર પડે કે તેને સમાજ એક પાપની દ્રષ્ટિ એ જુવે છે, તો બાલ માનસ પર થતી વેદના અને મજબૂરીનું અહી ચિત્રણ કરવામાં આવ્યું છે.




**ધૂલ કા ફૂલ** – યશ ચોપડા ના નિર્દેશનમાં આ ફિલ્મ તેમના નિર્દેશનની પ્રથમ ફિલ્મ હતી, યશ ચોપડાએ બલરાજ ચોપડા એટલે કે બી.આર.ચોપડાના નાના ભાઈ છે, આ ફિલ્મ તેમના નિર્દેશનમાં સુપર હિટ સાબિત થઈ અને ૧૯૫૯ ના વર્ષની ચોથા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ, પણ યશજીને હજુ ઘણી સફળતા મેળવવાની બાકી હતી, તેઓ ૧૯૭૦ સુધી તેમના ભાઈઓ સાથે કામ કરતાં રહ્યા અને ૧૯૭૦માં તેમણે યશ રાજ ફિલ્મ્સની સ્થાપના કરી અને દાગ રાજેશ ખન્ના સાથે સુપર હિટ ફિલ્મ આપી, જેની વાત આગળ ઉપર કરતાં રેહશું, બી.આર.ચોપડા ના નિર્માણમાં મુખરામ શર્માની કહાની, ધરમ ચોપડાની સિનેમા ઓટો ગ્રાફી, પ્રાણ મેહરાંનું અડિટિંગ , અને એન દત્તા નું સંગીત , અને સાહિર લૂપ્રયાનવી ના ગીતો અને અશોક કુમાર , રાજેન્દ્ર કુમાર , માલા સિંહા , નંદા , સુશિલ કુમાર , જીવન , ડેજી ઈરાની , લીલા ચિટનીસ, નર્મદા શંકર, રવિ કાન્ત, મોહન ચોટી, જગદીશ રાજ અને મનમોહન કૃષ્ણાથી

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

અભિનીત આ ફિલ્મ સુપર હિટ રહી, રાજેન્દ્રકુમાર માટે આ ફિલ્મ એક જેક પોટ સાબિત થઈ, સિલ્વર જુબેલી સ્ટારની શરૂઆત આ ફિલ્મ થી થઈ, આ વર્ષે રાજેન્દ્રકુમારે ત્રણ સુપર હિટ અને એક હિટ ફિલ્મ આપી ઈતિહાસ રચી આપ્યો હતો, દિલિપ રાજ અને દેવના એક ચક્રી શાસનમાં ત્રણ સુપર હિટ ફિલ્મ આપવી તે લોઠાના ચણા ચાવવા જેવી વાત હતી, છતા રાજેન્દ્રની અદાકારી જે દિલિપકુમારની નકલ સાબિત કરતી હતી, તે દર્શકોએ વખાણી અને તેને એક સફળ સ્ટાર તરીખે સ્થાન આપ્યું.

ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, રાજેન્દ્ર અને માલા એક કોલેજમાં સાથે અભ્યાસ કરે છે, માલાના માતા પિતા હયાત નથી, તે તેના કાકા કાકી સાથે રહે છે, પણ સુખી નથી. તે અને રાજેન્દ્ર પ્રેમના બંધન માં જોડાઈ જાય છે, અને એક વરસાદી રાતમાં બન્ને યૌવનની દીવાલો પાર કરી બેશે છે, રાજેન્દ્ર માલા સાથે લગ્નનું વચન આપી તેના વતન જાય છે, પણ તેના પિતાના દબાવના લીધે અમીર યુવતી નંદા સાથે લગ્ન કરી લે છે, તેની જાણ માલાને થાય છે, માલા એક બાળક ને જન્મ આપે છે, અને રાજેન્દ્રને મળે છે, પણ રાજેન્દ્ર તેને અને બાળકને સ્વીકાર કરવાની ના કહે છે, માલા તે બાળકને એક વગડામાં એકલું મૂકી દે છે, તેને પસ્તાવો થાય તે ફરી બાળક પાસે પહોચે તે પેહલા તે બાળક એક મુસ્લિમ પ્રોઢ મનમોહન એટલે કે અબ્દુલ ચાચા ના હાથમાં આવે છે, બાળકને અનાથ સમજી તે તેની જવાબદારી સ્વીકારે છે, તેના માટે તે તેના સમાજ સાથે પણ લડી શહેર બદલાવી બીજા શહેરમાં જતાં રહે છે. રાજેન્દ્ર અને નંદાને એક બાળક ડેજી પ્રાપ્ત થાય છે, માલા એક વકીલ અશોકની ઓફિસમાં કામ કરતાં તેની સાથે લગ્ન ગ્રંથિથી જોડાઈ જાય છે, તેમને સંતાન નથી, અબ્દુલ ચાચા પાસે બાળક સુશિલ શાળાએ જવા જેવો થઈ જાય છે, ત્યાં રાજેન્દ્ર તેના પુત્ર ડેજીને પણ શાળા એ મૂકવા આવે છે, રાજેન્દ્ર હવે એક જજ બની ચૂકયો છે . ડેજી અને સુશિલ મિત્રો બને છે, પણ રાજેન્દ્રને તે પસંદ નથી, તે સુશિલ જે તેનોજ પુત્ર છે , તેને પાપની સંતાન કહે છે, સુશિલ ને શાળામાં બીજા વિદ્યાર્થી આ પરેશાન કરે છે, તે




મોહનના સંપર્કમાં આવી એક ચોર બનવા જઈ રહ્યો છે, પણ ડેજી તેને તેમ કરતાં અટકાવે છે, તેને શાળાના વિદ્યાર્થી સાથે લડતા અટકાવવામાં ડેજીને અકસ્માત થાય છે અને તે મૃત્યુ પામે છે. બીજી તરફ સુશિલને ચોરીના ખોટા આરોપમાં પકડી લેવાય છે, અબ્દુલ ચાચા જયારે અશોકને સુશિલની સચ્ચાઈ જણાવે છે, ત્યારે માલાને ખબર પડે છે કે સુશિલ તેનો અને રાજેન્દ્રનો પુત્ર છે.

કોર્ટમાં તે સચ્ચાઈ ખોલી દે છે, રાજેન્દ્રને પસ્તાવો થાય છે, અશોક માલાને તેના પુત્ર સાથે સ્વીકારવા તૈયાર થાય છે, નંદા પણ સુશિલને ઘરે લાવવા કહે છે, અબ્દુલ ચાચા અંતે માલા અને અશોકને પુત્ર અને સુશિલને માતા પિતા આપી તેમનાથી દૂર થઈ જાય છે. પૂરી ફિલ્મમાં મનમોહન કૃષ્ણા અબ્દુલ ચાચાના પાત્રમાં એક સંદેશ સાથે અદભૂત અભિનયથી યાદ કરાય છે, તે માટે તેમને આ ફિલ્મ માટે ફિલ્મ ફેર એવાર્ડ પણ મળેલ છે . બી આર અને રવિ સંગીત કારની દોસ્તી હજુ શરૂ થઈ નથી, પણ મહેન્દ્ર કપૂર સાથેની દોસ્તી જે તેમણે અને કપૂરે હમેશા નિભાવી છે, જેની વાત આગળ કરીશું, મહેન્દ્ર કપૂર અને લતાજીના સ્વરમાં તેરે પ્યાર ક આશરા ચાહતા હું, અને રફી સાહેબના સ્વર મ આ તું હિન્દુ બનેગાના મુસલમાન બનેગા, ગીતો આજે પણ લોકપ્રિય છે, તે ઉપરાંત, ધડકને લગી દિલ કે તારો કી દુનિયા ગીત પણ લોકપ્રિય છે. આ ફિલ્મથી વરસાદી રાતમાં નાયક અને નાયિકા યુવાનીમાં ભૂલ કરતાં બતાવ્યા છે તે મુજબ આગળ હિન્દી સિનેમામાં ઘણી ફિલ્મોમાં આ દ્રશ્ય પુનરાવર્તિત થયું છે.

હવે વાત કરીશું ભારત ભૂસણ સાહેબની તેમની ત્રણ ફિલ્મો આવી જેમાં એક હિટ અને એક સેમી હિટ રહી. કલ હમારા હૈ-એસ કે પ્રભાકરના નિર્દેશન અને રણજીત સ્ટુડિયોના નિર્માણમાં મધુબાલા (ડબલ રોલ), ભારત ભૂસણ, લીલા ચિટનીસ, મુરાદ, નજીર કાશ્મીરી અને જયંતથી અભિનીત આ ફિલ્મ મધુબાલાના યાદગાર અભિનયથી યાદ કરાય છે, આ ફિલ્મમાં સંગીત ચિત્ર ગુપ્તનું હતુ અને ગીતો ગજનને લખ્યા હતા, આ ફિલ્મ સેમી હિટ સાનિત થઈ હતી. અહી ભારત ભૂસણ એક ક્રિમિનલ નાયકના કિરદારમાં જોવા મળ્યા છે, જે દર્શકોને પસંદના પડયા.

**સાવન**– રમેશ તિવારીથી નિર્દેશિત અને, એન.સી. સીપપીથી નિર્માણ પામેલ આ ફિલ્મમાં ભારત ભૂસણ, અમિતા, અચલા સચદેવ, લીલા મિશ્રા, તિવારી, ટૂન ટૂન, હેલેન, અને જીવને કામ કર્યુ હતું , ફિલ્મનું સંગીત હંસરાજ બહેલનું અને ગીતો, અશદ ભોપાલીના અને મુકેશજી, મહેન્દ્ર કપૂર, રફી સાહેબ અને લતાજીના કંઠે ગવાયેલ ગીતોથી આ ફિલ્મ સફળ રહી હતી, નૈન દ્વાર સૌ મન મે મુકેશજી ના સ્વર માં અને, કાનહા છેડો બંસૂરી, લતાજીના સ્વરમાં, ભીગા ભીગા પ્યાર ક શમા જેવા ગીતો તે સમયે લોકપ્રિય રહ્યા હતા.

**કવિ કાલિદાસ** – એસ.એન.ત્રિપાઠીના નિર્દેશન અને જયોતિ ત્રિવેદીના નિર્માણમાં, ભારત ભૂસણ, નિરૂપા રોય, અનીતા ગુહા, સપરૂ, રત્ન માલા, ટૂન ટૂન, દુલારી, એસ.એન. ત્રિપાઠીથી અભિનીત આ ફિલ્મ મહાન કવિ કાલિદાસના જીવન ચરિત્ર પર આધારિત હતી, જે સફળ થઈ ના હતી.

આ ફિલ્મનું સંગીત એસ.એન.ત્રિપાઠીએ આપ્યું હતું, જેઓ મૂળ સંગીત કાર હતા, પણ આ ફિલ્મથી તેમણે નિર્દેશન પણ સંભાળ્યું હતું, પણ સફળ થયા ના હતા. ફિલ્મ ના ગીતો આશા જી, લતાજી, ગીતા દત, મન્નાદેય, ઉષા મંગેશકર અને રફી સાહેબના સ્વરમાં હતા, આગામી અંકમાં અશોકકુમાર અને રાજ કુમાર સાથે મળીશું.આભાર.

---

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય
### ''સાદ સાંભળજો''



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


**આસમાન સે આયા ફરિશ્તા પ્યાર કાં સબક સિખલાને કા..." પ્રેમ દેવો ભવ.**

આફિકાનાં ચોથા ક્રમાંકનાં ધનિક ફેમી ઓર ડોલાને પત્રકારે પુછયું કે તમને જીવનમાં સુખ અને સાર્થકતાનો કયારે અનુભવ થયો ? દર વરસે કરોડો રૂપિયાનું દાન કરનાર આ દાનવીરે જવાબ આપ્યો કે એક સંસ્થાનાં બાળકો જે અપંગ હતા. તેમને વ્હીલચેર ભેટ આપી. અને બાળકોનાં ચહેરા ઉપર જે આનંદ જોયો તે ક્ષણે મને લાગ્યું કે ખેરખર જરૂર હોય તેમને આપવાથી આનંદ મળે છે.તે ખરો સાચો આનંદ છે.

તમે વિશ્વનાં શ્રીમંત વ્યકિત હો કે સતાનાં ટોચ ઉપર બેઠા હો પણ જીવનનો આનંદ કોઈને ખુશ કરવામાં છે. કોલેજકાળ દરમિયાન અમે બે મિત્રો મહુવા હોસ્પિટલમાં દર્દીઓને તેમનાં સાગાઓને દાતણ આપવા જતા અને પુછતા તમારે બહારથી કશુંય લાવવાનું હોય તો કહો.. ત્યારે અમે દાતણ કે ફુટથી વધુ આપી શકીએ તેમ ન હતા પણ જયારે અમે તેમની પાસે જઈએ ત્યારે તેઓ આનંદ અને નવાઈથી જોતાં હતા. ચહેરા ઉપર કરૂણા હતી.

ભરોસા અને આનંદપુર્વક કરેલી મદદ, સેવા આશીર્વાદ કયારેય નિષ્ફળ જતા નથી. માનવતાનું કાર્ય અને સેવાનો આનંદ ચિરંજીવી હોય છે. જેની તોલે કશું ન આવે સાર્થકતા – સંતોષ કંઈક સારૂ કર્યોનો આનંદ છે.

આપણે જીવનને આપણી વૃષ્ટિથી સવાર્થનાં સંબંધોથી જીવીએ છીએ.... કોઈને હરાવવામાં કોઈથી આગળ જવામાં વધુ પૈસા કમાવવામાં સાર્થકતા સફળતા સમજીએ છીએ. જનકલ્યાણમાં એક ટુંકો પત્ર હતો : (સંક્ષેપમાં)

"શ્વાસ જયારે ધીમા પડવા લાગે. મૃત્યું દરવાજો ખખડાવે ત્યારે એવું લાગે કે અરે જે કરવાનું હતું તે તો કરવાનુંા રહી ગયું. જીવન વહી ગયું. ત્યારે આત્માને ટકોરા પડે છે. પણ તેનો કોઈ અર્થ ખરો ? એક નાનકડું દ્રષ્ટાંતઃ એક વ્યકતી જિંદગીમાં પૈસા પાછળ દોટ મૂકે છે. કરોડપતિ, અબજો પતિ થાય છે તે અટકતો નથી. માથાનાં વાળ ગયા, દાંત ગયા. શરીર જર્જરીત થયું મૃત્યું દેવ સામે આવ્યા કહયું. ચાલો, ટાઈમ ઈઝ ઓવર તમને લેવા આવ્યો છું.પેલા માણસે મૃત્યું દેવતાને કહયું મારી પાસે ઘણું ધન છે. પૈસા કમાવવામાં જે રીતે અધિકારીઓને પૈસાની ઓફર કરી કામ કઢાવતો હતો તે રીતે મૃત્યુ દેવતાને કહયું. બોલો કેટલા રૂપિયા આપું ? મૃત્યુનો દેવ કહે – આવી નકામી વાતો ન કરો. તમે ગમે તેટલો રૂપિયા આપો તો પણ તમારી માંગણી સ્વીકારીશ નહિ ક્ષણનાં વિલંબ વગર ચાલો. પેલો હવે ભયભીત થઈ ગયો. જિંદગીનું સરવૈયું સામે આવી ગયું.જિંદગીની દોડધામ કેટલી નિરર્થક હતી. મૃત્યુને કરગરી કહયું મને એક પત્ર લખવાની છુટ આપો. અને પેલા માણસે પત્ર લખ્યો. "મેં આખી જિંદગી ધન મેળ વવા ગુમાવી ન હું સમાજ માટે જીવ્યો ન કોઈને મદદ કરવા. હું મિત્રને, પરિવાર વગરનો રહયો છું. એક શ્વાસ મેળવવા ધન, કીર્તી, સતા કામ ન આવ્યા. મિત્રો, તમે હવે એવું જીવો કે... સૌ તમારા કાર્યને નમસ્કાર કરે. સારા કામ કરો. જીવન જેટલું હોય તેટલામાં ઉતમ કર્મથી સૌને પ્રેમ કરીને સૌને સ્વજનનો સ્નેહથી તૃપ્ત કરી જીવો." આ ટચુકડો પત્ર આપણે સૌ માટે છો.આ પત્રને આપણા જન્મ દિવસે જરૂર વાંચજો. વંચાવજો.

આજનું મેડીકલ સાયન્સ મૃત્યુનો ભય દુર કરી શકયું નથી. પરંતુ આપણા ધર્મશાસ્ત્રોએ મૃત્યુનો ભય દુર કરવા ગ્રંથોની રચના કરી છે. આપણી પ્રાચીન વિદ્યા મૃત્યુને માત્ર જરૂરી અને અનિવાર્ય ગણે છે. ગીતામાં ભગવાને કહયું છે જેમ જીર્ણ થયેલા વસ્ત્રો બદલવા પડે છે તેમ શરીર જીર્ણ થાય ત્યારે આત્મ વસ્ત્ર બદલે છે. બાળકો પોતાનાં પાકય પુસ્તકોનાં પુંઠા ખરાબ થાય, બગડી જાય ત્યારે ચોપડીને નવું પુઠુ ચડાવે છે. પુસ્તકનો બદલાવ થતો નથી. પુઠામાં ફેરફાર થાય છે. અંદરનો આત્મા પુસ્તક તેનુ તે રહે છે. નાસાનાં ાઅને ઈસરોના વિજ્ઞાનિકો પણ ભગવાનમાં માને છે. આપણું ચંદ્રયાન, મૂન-૩ જયારે ચંદ્ર ઉપર ઉતરનું હતું. ત્યારે સૌ મનમાં ભગવાનને પ્રાર્થના કરતા હતા તે આપે સૌએ જોયા હશે. મૃત્યુનો ભય દુર કરવાનો ઉપાય આપણી પાસે છે. સ ત સ ંગ ધર્મગ્રંથોનું નિયમિત વાંચન પ્રભુમાં અડગ વિશ્વાસ ચોપાસ ખરા હૃદયથી ચાહવા વાળા સ્વજનો, પથારીમાં છેલ્લા શ્વાસ લેતા વ્યકિતની આસપાસ પરિવાર પ્રાર્થના કરતો હોય અને પ્રેમાળ – પ્રેમ ભરી સેવા કરતો હોય તો વિદાય દુઃખભરી લાગતી નથી. તેનો અનુભવ સૌને છે. તેથી બળ સૌને પ્રેમ કરો. પ્રેમનું વર્તુળ ખુબ મોટું બનાવો. તે તમારૂ વિશ્વ છે. પ્રેમ દેવો ાભવ... **(અપૂર્ણ)**

---

# કોઈ વ્યસન નથી,બે ટાઇમ બ્રશ કરૂ છું છતાં મારા દાંત કેમ સડે છે

**કોઈ વ્યસન નથી, બે ટાઈમ બ્રશ કરૂ છું છતાં મારા દાંત કેમ સડે છે ?**
**મારું બાળક ચોકલેટ નથી ખાતુ, છતાં તેના દાંત કેમ સડે છે ?**

દર્દીઓ તરફથી વારંવાર પૂછા તો આ પ્રશ્ન છે.પ્રશ્નનો જવાબ થોડોક લાંબો છે, એકવીસ વર્ષની ડેન્ટલ પ્રેકટીસમાં હજારો દર્દીઓએ આ પ્રશ્ન પૂછયો છે અને તેનો મેં સમયની અનુકુળતા મુજબ કયારેક ટૂંકમાં કયારેક મુદ્દાસર મૌખિક રીતે જવાબ આપ્યો છે.

આપણી આસપાસ ઘણા બધા લોકો એવા ભાગ્યશાળી ઉદાહરણો હોય છે અને અમે પણ એવા દર્દીઓ અમારી પ્રેકટીસમાં જોયા છે જે લોકો પાનમસાલા, ગુટખા કે ધુમ્રપાનનું વ્યસન કરે છે,દાંતની ખાસ કોઈ એવી વિશેષ કાળજી રાખતા નથી, છતાં તેમના દાંત સડતા નથી (જોકે, બીજી બિમારીઓ થવાની શકયતાઓ તો રહે જ છે).એનાથી ઉલટું એવા કમનસીબ દર્દીઓ પણ હોય છે કે જેઓ કોઈ વ્યસન કરતા નથી, દિવસમાં બે વખત,કોઈ કોઈ તો ત્રણ – ત્રણ વખત બ્રશ કરે છે, વ્યવસ્થિત બ્રશ કરે છે (એમના કહેવા પ્રમાણે), એકદમ ભરોસાપાત્ર કંપની નીસડોના થાય એવી ગેરંટી આપતી ટુથપેસ્ટ વાપરતા હોય,એન્ટીસેપ્ટિક માઉથ વોશ પણ વાપરતા હોય, કઈપણ ખાધા પછી હલાવી હલાવીને કોગળા કરતા હોય, કેટલાક ફટકડીથી કોગળા કરતા હોય,બ્રશ ઉપરાંત વધારામાં બાવળ ,કરંજ કે લીમડાના દાતણ પૂરી શ્રદ્ધા સાથે કરતા હોય,ચોકલેટ ખાતા નથી,ચા પણ પીતા નથી,અને છતાં દાંતમાં સડો થાય છે. તો સ્વાભાવિક રીતે તેમને પ્રશ્ન થાય કે આવું કેમ? આટલું બધું ધ્યાન રાખવા છતાં મને જ કેમદાંતમાં સડો થાય છે, મારો શુ વાંક છે ?

તો રીડર મિત્રો અને દર્દીઓ,આ વેબસાઈટના માધ્યમથી પ્રયાસ કર્યો છે કે આ પ્રશ્નનો જવાબ બધા મુદ્દાઓની ચર્ચા કરીને ન્યાય પૂર્ણ રીતે,વૈજ્ઞાનિક તથ્યો સાથે આપી શકાય.

સૌથી પહેલાએ જાણવું જરૂરી છે કે દાંતનો સડો શું છે, એ કેવી રીતે થાય છે અને તેના માટેના જવાબદાર પરિબળો કયા છે.

દાંતનો સડોએ શરદી પછી થતો સૌથી સામાન્ય રોગ છે.દાંતનો સડોએ મોઢામાં થતો મુખ્ય રોગ છે,જે દાંતના બહારી મજબુત પડ એવાઈને મલને ઓગાળીને દાંતને કાયમી નુકશાન પહોચાડે છે. જો તેની યોગ્ય સારવાર સમયસર ન થાય તો બાળ અથવા યુવાનવયે દાંત ગુમાવવાનું સૌથી મોટું કારણ બને છે.


**દાંતનો સડો એટલે શું ?**

દાંતની કોઈ સપાટીએ દાંતનું ખનિજ બંધારણ ઓગળી જતા પડેલા ખાડાને દાંતનો સડો કહેવાય.સફેદ કલરના દાંતમાં દાંતનો સડો કાળા કે બ્રાઉન કલરના ખાડારૂપે દેખાય છે. શરૂઆતના તબક્કામાં દાંતનો સડોમાત્ર ટપકા કે પાતળી લાઈન જેટલો હોય છે. બે દાંતની વચ્ચેની સપાટીએથી જો સડો હોય તો એવું પણ બને કે સડો દેખાય જ નહિ, અને તેવા સડાની તપાસ માત્ર એક્ષ-રે દ્વારા જ કરી શકાય છે.

દાંતનો સડો કોઈપણ ઉંમરની વ્યક્તિને થઈ શકે છે. નાના બાળકથી વૃદ્ધ,સ્ત્રી,પુરૂષ,ગરીબ કે તવંગર,દાંતનો સડો કોઈ ભેદ ભાવ રાખતો નથી.

દાંતનો સડો કેમ થાય છે તે જાણવા માટે તેની આંતરીક રચનાની આ છે રી ઝલક મેળવી એ.

**દાંતનીરચના**




દાંતએ નક્કર તેમજ શરીરમાં સૌથી વધારે મજબુત અંગ છે,પરંતુ દાંતની બરાબર વચ્ચે પોલાણ હોય છે, જેમાં દાંતની નસ હોય છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે દાંતના બંધારણમાં બે પડ હોય છે. ઈનેમલ અને ડેન્ટીન. ઈનેમલ દાંતની બહારની સપાટી તરફ દેખાતો ભાગ છે, જે માનવ શરીરમાં સૌથી મજબુત પેશી છે. ઈનેમલની નીચેનું પડ તેમજ દાંતના મુળીયા ડેન્ટીનના બનેલા હોય છે, જે ઈનેમલ કરતા થોડા પોચા હોય છે. દાંતની બરાબર વચ્ચેના પોલાણમાં દાંતની નસ હોય છે જેને પલ્પ કહેવામાં આવે છે. જેનું કાર્ય દાંતની સંવેદના જાળ વવાનું તેમજ તેને પુરવઠો પહોચાડવાનું છે.

**દાંતનો સડો કેવી રીતે થાય છે?**

દાંતની કોઈ સપાટીએ દાંતનું ખનિજ બંધારણ ઓગળી જતા પડેલા ખાડાને દાંતનો સડો કહેવાય,પણ આ થાય છે કેવી રીતે ?

આપણા મોઢામાં કેટલીક જાતના બેકટેરિયા એસીડ બનાવે છે, જે દાંતના ખનિજ બંધારણને ઓગાળ ી નાખે છે. બેકટેરિયા આપણી જેમ જ જીવ છે. જેમ આપણે ખોરાક લઈએ છીએ અને નકામાં પદાર્થોનું મળ દ્વારા ઉત્સર્જન કરીએ છીએ તેવી જ રીતે દાંતના સડા માટે જવાબદાર બેકટેરિયા (સ્ટ્રેપ્ટોકોકસ મ્યુટન્સ અને એસીડોફીલસ લેકટોબેસીલાઈ) ખોરાક તરીકે શર્કરાનો ઉપયોગ કરે છે અને


ડો. તુષારભાઈ નીતિનભાઈ બોરાણીયા
ઓમ ડેન્ટલ ક્લિનિક
સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી.
ફોનઃ ૦૨૨૭૯૨૨૩૦૩૦૦, મો.૭૦૧૬૮૩૭૧૩૭



નકામા પદાર્થ તરીકે એસીડનું ઉત્પાદન કરે છે, જે દાંતના ખનિજ બંધારણને ઓગાળી નાખે છે અને દાંતમાં સડો કરે છે.

દરેકના મોઢામાં સામાન્ય રીતે અસંખ્ય બેકટેરિયાઓ હોય છે. જો તમારા મોઢાની કોઈ કારણોસર વ્યવસ્થિત સફાઈ ન થાય તો દાંતની ઉપર પીળાશ પડતું, ચીકણું, દુર્ગંધ મારતું છારીનુંમાં પડ જામે છે જેને ડેન્ટલ પ્લાક કહેવાય, જેનો બેકટેરિયાના સમુહો ઘર તરીકે ઉપયોગ કરે છે અને વંશવૃદ્ધિ કરી પોતાની સંખ્યામાં અનેક ગણો વધારો કરે છે. આ ડેન્ટલ પ્લાક માત્ર બેકટેરીયાને ઘર પૂરૂં પાડતા નથી પણ તેમણે ઉત્પન્ન કરેલ એસીડને દાંતની સપાટી સાથે સતત સંપર્કમાં રાખે છે. આ એસીડ ધીમે ધીમે દાંતના ખનીજ બંધારણને ઓગાળી નાખે છે અને દાંતમાં સડો શરૂ કરે છે. દાંતના પેઢાને નબળો કરી નાખતો રોગ પાયોરિયા માટે પણ મુખ્ય જવાબદાર પરિબળ આ પ્લાક જ છે.

**દાંતનું ખનિજ બંધારણ**

દાંતનું ખનિજ બંધારણ મજબુત ના હોય, એટલે દાંતના બંધારણમાં પૂરતા પ્રમાણમાં કેલ્શિયમ, ફોસ્ફરસ અને ફલોરાઈડ ના હોય તો એવા દાંતમાં સડો સહેલાઈથી શરૂ થાય છે. બેકટેરિયા દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલો એસીડ નબળા બંધારણવાળા દાંતને સહેલાઈથી ઓગાળી નાખે છે. દાંતનું જયારે નિર્માણકાર્ય ચાલતું હોય ત્યારે એટલે કે ગર્ભાવસ્થાથી શરૂ કરીને આશરે ૧૩ વર્ષની ઉપર સુધી જો બાળ કના શરીરને ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં જો કેલ્શિયમ જેવા પોષક તત્વો ના મળે તો દાંત અને હાડકાનું બંધારણ નબળું રહી જાય છે. એક સમય પછી જયારે દાંતનું નિર્માણકાર્ય પૂરૂં થઈ જાય પછી દાંતના બંધારણમાં રહી ગયેલી ખામીને, ઉણપને સુધારી શકાતી નથી. દાંતના સડા સામે રક્ષણ આપતું બીજું મહત્વનું ખનિજ ફલોરાઈડ છે, જે દાંતના નિર્માણકાર્ય વખતે દાંતના ખનિજ બંધારણમાં ફલોર એપેટાઈટ બનાવીને દાંતની અંદર તેમજ બહારની તરફ દાંતના સડા સામે મજબુત રક્ષણાત્મક ઢાલ બનાવે છે. ટૂંકમાં દાંતનું જયારે નિર્માણકાર્ય ચાલતું હોય ત્યારે પૂરતા જરૂરી ખનિજ તત્વો ધરાવતો ખોરાક પૂરતા પ્રમાણમાં લેવામાં ન આવે તો, ખનિજ તત્વની રીતે નબળ ા રહી ગયેલા દાંતમાં સડો થવાની શકયતા વધારે રહે છે.

દૂધ, દુધની બનાવટો, કેળા વગેરેમાંથી પૂરતા પ્રમાણમાં કેલ્સિયમ મળી રહે છે, જયારે ફલોરાઈડ પીવાના પાણી અને ચા માંથી મળે છે. દાંતની સપાટી પર ફલોરાઈડ વારનીશ લગાવીને દાંતને સડાથી રક્ષણ આપી શકાય છે.


**ઓરલ માઈક્રોફલોરા (સુક્ષ્મ જીવાણુઓ)**

મોઢું એ શરીરનું પ્રવેશ દ્વાર છે. આપણા મોઢું એ અસંખ્ય સુક્ષ્મ જીવાણુઓનું પણ રહેવાસ છે,જેમાં મુખ્યત્વે બેકટેરિયા, ફૂગ અને વાઈરસ હોય છે.સંશોધન મુજબ આપણા મોઢ ામાં ૭૦૦ કરતા પણ વધારે પ્રજાતિના બેકટેરિયા અબજોની સંખ્યામાં રહેવાસ કરે છે. કેટલાક બેકટેરિયા આપણા શરીર માટે ઉપયોગી હોય છે, જે ખોરાકના પાચનમાં મદદ કરે છે, કેટલાક વિટામીનનું સર્જન કરે છે, રોગ પ્રતિકારક શક્તિ વધારે છે, તો કેટલાક બેકટેરિયા આપણા શરીરમાં રોગ ઉત્પન્ન કરવા માટે જવાબદાર છે. આપણા મોઢામાં મદદ કરતા સારા અને નુકશાન કરતા ખરાબ બેકટેરિયાનું હમેશા એક સંતુલન જળવાયેલું રહે છે. જયારે આ સંતુલન ખોરવાય અને શરીરને નુકશાન કરતા બેકટેરિયાનું પ્રમાણ સારા બેકટેરિયાના પ્રમાણ કરતા વધી જાય ત્યારે આપણા શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. આપણે આગળ જોયું કે દાંતના સડા માટે જવાબદાર મુખ્ય બેકટેરિયા સ્ટ્રેપ્ટોકોકસ મ્યુટન્સ અને એસીડોફીલસ લેકટોબેસીલાઈની સંખ્યા તેમજ તેમની શક્તિનું પ્રમાણ ખુબ જ વધી જાય ત્યારે દાંતમાં સડો થવાનું જોખમ વધી જાય છે. મીઠાવાળ ા પાણીના કોગળા, એન્ટીસેપ્ટિક માઉથવોશ અને દાંત તેમજ મોઢાની વ્યવસ્થિત સફાઈ નુકશાન કરતા બેકટેરિયાની સંખ્યાને નિયંત્રણમાં રાખે છે.

કોઈ પણ પ્રકારની ટૂથપેસ્ટ કે માઉથવોશ મોઢાની અંદર બે કલાકથી વધારે અસરકારક હોતા નથી. જલદ માઉથવોશનો ઉપયોગ લાંબા સમય માટે કરવો હિતાવહ નથી, તેનાથી નુકશાન કરતા બેકટેરિયાની સાથે સાથે ઉપયોગી બેકટરિયાનો પણ સફાયો થાય છે અને આપણા મોઢાની અંદર સુક્ષ્મ જીવાણુઓનું સંતુલન ખોરવાય છે.

વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ, ખાન પાનની આદતો, સંપૂર્ણ શરીરની તંદુરસ્તી,મોઢાની સ્વચ્છતાની ટેવ અને વારસાગત (અનુવાંશિક) પરિબળો સુક્ષ્મ જીવાણુઓનું સંતુલન જાળવી રાખે છે.

**સાંકડા ખાડા અને તિરાડો (પીટ એન્ડ ફિશર)**



દાંતની ચાવવાની સપાટી ખાસ કરીને પાછળની દાઢોમાં એકદમ એકદમ સાંકડા ખાડા અને તિરાડો હોય છે. આ સાંકડા ખાડા અને તિરાડો દાંતના નિર્માણકાર્ય દરમિયાન રહી ગયેલી ખામીને કારણે હોય છે. સપાટ સપાટી કરતાં આવી ખરબચડી સપાટી સાફ કરવી સહેલી હોતી નથી. આવા એકદમ સાંકડા ખાડા અને તિરાડોમાં બેકટેરિયા અને ખોરાકનો કણો સરળ તાથી ઘુસી જતા હોય અને ત્યાં ચોટી જાય છે અને પ્લાક બનાવે છે, પરંતુ દાંત સાફ કરવાનું બ્રશ તેમાં જઈને તેની સફાઈ કરી શકતું નથી. આથી આવા સાંકડા ખાડા અને તિરાડો, બેકટેરિયા માટે દાંતમાં સડો થવાનું એકદમ આદર્શ વાતાવરણ અને જગ્યા પૂરી પડે છે.

એકવખત આવા સાંકડા ખાડા અને તિરાડોમાંથી સડાની શરૂઆત થઈ જાય પછી, તે હંમેશા આગળ જ વધે છે. દાંતની કેવીટી જેમ મોટી થતી જાય, તેમ, વધારે સંખ્યામાં બેકટેરિયા માટે રહેઠાણ પૂરું પાડે છે અને દાંતમાં સડો થવાની ગતિને વેગ આપે છે. દાંતમાં સડો બેસી ગયા પછી દાંતને વધુ સડતો અટકાવવા અને દાંતને બચાવવા તેમાંથી સડો દૂર કરીને તેમાં ફીલીંગ(પુરણ) કરવું પડે.

દાંતમાં આવા સાંકડા ખાડા અને તિરાડો હોય અને જો તેમાં સડો થતાં પહેલા જ તેને સીલ કરી દેવામાં આવે તો દાંતમાં સડો શરૂ થતો જ અટકાવી શકાય છે. આવા સાંકડા ખાડા અને તિરાડોને સીલ કરવા માટેનાં ખાસ મટીરીયલને પીટ એન્ડ ફિશર સીલન્ટ કહેવામાં આવે છે. આ મટીરીયલ ભર્યા પછી સીલ થયેલા સાંકડા ખાડા અને તિરાડોમાં બેકટેરિયા માટે તેનું પાલન પોષણ અને વસ્તીવધારો કરવાની જગ્યા મળતી નથી.

**બે દાંત વચ્ચેની જગ્યા.**

બે દાંત વચ્ચે જયારે પાતળી જગ્યા રહેતી હોય અને તેમાં **(ક્રમશઃ)**

# ચિતલ સેવા સહકારી મંડળીની સભામાં દિલીપ સંઘાણીની ઉપસ્થિતિ







આજરોજ ચિતલ ગૃપ સેવા સહકારી મંડળી લી.૭૩મી વાર્ષિક સાધારણ સભા મળેલ જેમાં ઈફકો, એન.સી.યુ.આઈ. ગુજકોમાસોલનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતીમાં મળેલ હતી. જેમાં સાધારણ સભામાં મંડળીના તત્કાલીન પ્રમુખ સંજયભાઈ લંબાસીયાની મુદત પુરી થતાં નવા પ્રમુખ તરીકે જયેશભાઈ નાકરાણીની વરણી સર્વાનુંમતે થતા તેમજ વાર્ષિક સાધારણનું કાર્ય પુર્ણ થતા સહકારી સંમેલન મળેલ જેમાં ઈફકો, એન.સી.યુ.આઈ., ગુજકોમાસોલનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા અને ટીમ સહકાર ઉપસ્થિત રહેલ જેમાં પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે ૭૩ વર્ષની જુની સંસ્થા હર હંમેશ પ્રગતિ કરે છે. અને દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન તળે અને મને પ્રમુખ તરીકે આ મંડળીની તમામ સભાસદોએ મારા પર વિશ્વાસ રાખીને જવાબદારી આપેલ છે. ત્યારે આ સંસ્થામાં વધુ વધુ પ્રગતિ કરે તેવા પ્રયત્ન કરીશ. આ મંડળી બેંક સાથે જોડાયેલ જે કામગીરી કરેલ છે. જેમાં નફો રૂા.૭,૭૫,૦૦૦ નો નફો કરેલ છે.જેમાં સભાસદઓને ૧૫% ડિવીડન્ડ આપેલા છે. પેટા નિયમ પ્રમાણે નફાની વહેંચણી કરેલ છે. વિશેષ આ મંડળીમાં રા.ખાતરની બેગ ઉપર રીબેટ પણ આપેલ છે. જેવી કે યુરીયા બેગ ઉપર રૂા.૩ અને બીજા તમામ રા.ખાતરા ઉપર રૂા.૫ રીબેટ આપે છે. જે દરેક ખેડૂત મિત્રોને રિબેટ આપલે છે. અમરેલી જી.સ.ખ.વે.સંઘ લીના પ્રમુખએ શુભેચ્છા પાઠવતા જણાવેલ કે હાલનાં સમયમાં પણ આરોગ્યને ધ્યાનમાં રાખવા માટે રા.ખાતરનો ઉપયોગને મર્યાદામાં રાખી નેનો યુરીયા, નેનો ડી.એ.પી.લીકવીડ ખાતરનો ઉપયોગ વધુમાં વધુ કરી અને પાક ઉપર છટકાવ કરવાથી જમીન વધુ સારી બને અને આપણા આરોગ્યની પણ જાળવણી રહે અને સભામાં દિલીપભાઈ સંઘાણીએ જણાવેલ કે હાલનાં સમયમાં આરોગ્યને સુધારવા માટે સેન્દ્રીય ખાતર તરફ આગળ વધવું જોઈએ અને રોજગારી માટે પશુપાલન દુધ મંડળી દ્વારા રોજગારી ઉભી કરવી જયારે ઈફકો દ્વારા ખેતીનાં ખર્ચાને રોકવા માટે નવા નવા સાધનો દ્વારા ખર્ચને અંકુશ રાખવા માટે દિલીપભાઈ સંઘાણીએ મંડળીનાં વિકાસ માટે અને ખેતી કરતા તમામ લોકો ખેતી પાકમાં જં.દાવા, રા.ખાતર ઈફકો દ્વારા એક કિટ (ડ્રોન) સાધાન જેમની કિંમત રૂપિયા આશરે પંદર લાખ થાય છે. ત્યારે તે કિટ ચિતલ ગૃપ સેવા સહકારી મંડળી લી. ને આપવાની જાહેરાત કરેલ છે. જેથી ખેડૂતને લાભ મળી શકે. આ તકે દિલીપભાઈ સંઘાણીએ જણાવેલ કે સ્વ. ડાયાબાપા હિરાણી અને સ્વ.મોહનભાઈ નાકરાણી જેમની પાસેથી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ની બ્રાન્ચ ચિતલમાં આવેલ છે.તે ભવનનું નામ સ્વ.ડાયાબાપા હિરાણીનું દિલીપભાઈ સંઘાણીએ રાખેલ છે. આ સભામાં તાલુકા ભાજપના પ્રમુખ ધનશ્યામભાઈ ત્રાપસીયા, ઉદ્યોગપતિ લાલજીભાઈ દેસાઈ તેમજ કાળુભાઈ ધામી, જિલ્લા પંચાયત સભ્ય સુરેશભાઈ પાથર, ગ્રા.પંચાયતનાં ઉપપ્રમુખ રઘુવીરસિંહ સરવૈયા તેમજ સંસ્થાનાં બોર્ડ ઓફ ડીરેકટર લક્ષ્મીકાંતભાઈ કાનાણી, મનસુખભાઈ માંગરોળીયા, કેશુભાઈ મેસીયા, જવેરભાઈ દેસાઈ, નાનજીભાઈ પરમાર, ચતુરભાઈ દેસાઈ, બાલાભાઈ લિંબાસીયા, જગદીશભાઈ દેસાઈ, નાનજીભાઈ પરમાર, હિંમતભાઈ ગજેરા, મગનભાઈ સાકરીયા, ભુપતભાઈ વાળા વગેરે ઉપસ્થિત રહેલા આ કાર્યક્રમનાં સંચાલન મંત્રી રિસીતભાઈ દેસાઈ કરેલ છે. તેમ મંત્રીની અખબાર યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## આધેડનો મૃતદેહ મળી આવ્યો

પહોંચી સરપંચ દ્વારા લીલીયા પોલીસને જાણ કરવામાં આવતા લીલીયા પીએસઆઈ એસ. આર. ગોહિલ દ્વારા તાત્કાલિક ટાઉન જમાદાર લતીફખાન પઠાણને ઘટના સ્થળ પર પહોંચવા સૂચના આપેલ હોય ત્યારે અન્ય પોલીસ કર્મી સંજયભાઈ ઈટાલીયા વિજયભાઈ લાલુ તેમજ ગૌતમભાઈ ખુમાણ ઘટના સ્થળ પર પહોંચી અને લાશને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે લીલીયા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ જેમની જાણ બાજુમાં બનતી કોલેજમાં કરાતા ત્યાંના મજુર વર્ગોને બોલાવતા એ લાશ તેમના સાથી મજૂર ચંદુભાઈ કાનજીભાઈ રાઠવા રહે. નવી કોલેજ લીલીયા મોટા, ઉંમર વર્ષ ૫૫ ની હોવાનું જાણવા મળેલ. જે અંગે આગળની કાર્યવાહી લીલીયા ટાઉન જમાદાર લતીફખાન ચલાવી રહ્યાં છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** રાજકોટનાં શ્રી ચંદુભાઈ લાખાણી (ઉં.વ. ૯૩) તે સ્વ. લાલજીભાઈ જાદવજીભાઈ તથા સ્વ. કાશીબેન લાખાણી, જુનાગઢનાં જયેષ્ઠ પુત્ર, નિર્મળાબેનના પતિ, સ્વ. જયપ્રકાશભાઈ લાખાણી તથા જાહનવીબેન કનૈયાલાલ ખખ્ખર, જયશ્રીબેન પ્રવિણભાઈ તન્નાના પિતા, ભાવનાબેન જયપ્રકાશભાઈ લાખાણીના સસરા, મનહરભાઈ લાખાણી (જુનાગઢ), સ્વ. દિનેશભાઈ લાખાણી (જુનાગઢ), સ્વ. ઈન્દુબેન રૂપારેલ (કોડીનાર), નિષાબેન ઠકરાર તથા ભારતીયબેન દોશી (લંડનના) મોટાભાઈ, શ્રધ્ધા નિરલકુમાર રૂપારેલીયા તથા વિશ્વા જીતેન્દ્રકુમાર દાફડાનાં દાદા તેમજ સ્વ. ભગવાનજીભાઈ રાયઠઠાના જમાઈ તા. ૧/૯/૨૩ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૪/૯/૨૩નાં રોજ સાંજે ૪ થી ૫–૩૦ વાગ્યા સુધી અલકેશ્વર મહાદેવ મંદિર, અલકાપુરી ૧, રૈયા રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૬૦૫ |
| ૨ | ચણા | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૩ | તલ સફેદ | ૨૮૫૧ | ૨૮૫૧ |
| ૪ | જુવાર | ૮૭૦ | ૮૭૦ |
| ૫ | એરંડા | ૧૧૧૧ | ૧૧૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૩૭૨ |
| ૨ | શિંગ મોટી | ૮૧૦ | ૧૪૦૦ |
| ૩ | શિંગ મોટી નવી | ૧૦૫૦ | ૧૧૩૫ |
| ૪ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૭૫૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૮૧૫ |
| ૬ | તલ સફેદ | ૨૪૬૦ | ૩૨૬૯ |
| ૭ | તલ કાળા | ૩૧૭૧ | ૩૧૮૧ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૫૫૨ | ૩૫૯૯ |
| ૯ | બાજરો | ૨૯૦ | ૩૪૫ |
| ૧૦ | જુવાર | ૪૬૦ | ૧૦૫૪ |
| ૧૧ | ઘઉં બંસી | ૪૫૧ | ૪૫૧ |
| ૧૨ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૬૧૫ |
| ૧૩ | ઘઉં લોકવન | ૪૯૩ | ૫૪૪ |
| ૧૪ | મગ | ૧૫૦૦ | ૧૮૧૫ |
| ૧૫ | અડદ | ૭૪૦ | ૧૭૬૦ |
| ૧૬ | ચણા | ૭૧૦ | ૧૨૦૦ |
| ૧૭ | તુવેર | ૯૦૦ | ૨૧૬૫ |
| ૧૮ | કપાસ | ૯૩૦ | ૧૬૭૨ |
| ૧૯ | નવો કપાસ | ૧૨૩૮ | ૧૬૧૭ |
| ૨૦ | એરંડા | ૧૧૮૫ | ૧૨૦૧ |
| ૨૧ | જીરૂ | ૭૬૦૦ | ૯૭૦૦ |
| ૨૨ | ગમ ગુવાર | ૧૧૫૮ | ૧૧૫૮ |
| ૨૩ | ધાણા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ૨૪ | મેથી | ૧૧૭૦ | ૧૩૮૨ |
| ૨૫ | સોયાબીન | ૭૫૦ | ૯૩૯ |

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરાનાં રાણપુર ગામનાં ખેડૂત

હાજર હતો અને અમારી જમીનની બાજુમાં સોલાર પ્લાન્ટ આવેલ છે જે પ્લાન્ટની સિકયુરીટીનો કોન્ટ્રાકટ ચાવંડ ગામે રહેતા રાકેશભાઈ કેશુભાઈ સોરઠીયા તથા લકધીરભાઈ તથા મયુરભાઈ આહીર પાસે છે. જેમાં માણસો આ પ્લાન્ટમાં જવા–આવવા માટે અમારી જમીનમાંથી આવતા–જતાં હોય. જેથી મેં તેમને મારી જમીનમાંથી ચાલવાની ના પાડતા સાંજના પાંચેક વાગ્યાનાં અરસામાં પદુભાઈ ઈંગોરાળાવાળા તથા જગાભાઈ આહીર ત્રંબોડાવાળા તથા અજાણ્યો ઈસમ મારી જમીનમાં આવેલ અને મને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ હતા. જેથી મેં ગાળો બોલવાની ના પાડતા આ પદુભાઈએ તથા જગાભાઈએ તેની કડમાંથી ચાકુ કાઢી મને મારવા દોડેલ હતા. જેથી હું આઘો જતો રહેલ હતો જેથી આ જગાભાઈ એક ચાકુનો ઘા ઘોડીની દોરી ઉપર મારી દોરી તોડી નાખેલ હતી. આ વખતે સિકયુરિટી તરીકે નોકરી કરતા ભગીરથભાઈ આવી જતાં આ લોકો મને જાનથી મારી નાખવાની ધમકી આપતા ગાળો બોલતા બોલતા જતા રહેલ હતા.

ત્યારબાદ ગઈ તા. ૧/૯/૨૩નાં બપોરના ત્રણ–સાડા ત્રણ વાગ્યાના અરસામાં હું મારી ખેતીની જમીને હાજર હતો એ વખતે મને જાણવા મળેલ કે આ રાકેશભાઈ સોરઠીયાએ મારા વિરૂધ્ધમાં તથા ગભરૂભાઈ તથા જયરાજભાઈ સામે ખોટા આક્ષેપો કરી ખંડણી માંગી તેવા આક્ષેપો કરી પોલીસમાં અરજી કરેલ હોય. જેથી મને લાગી આવતા મેં મારી ખેતીની જમીને કપાસમાં છાંટવાની દવા પી લેતા મને ગભરૂભાઈ તથા જયરાજભાઈ વગેરે એક પ્રાઈવેટ વાહનમાં સુવડાવી અહીં ગોંડલ શ્રીજી દવાખાને લાવી સારવારમાં દાખલ કરેલ છે. મારી સારવાર શરૂ છે અને હું સંપૂર્ણ ભાનમાં છું.

આ બનાવ બનવાનું કારણ એવું છે કે સિકયુરિટીના કોન્ટ્રાકટરે રાકેશભાઈ અમારા વિરૂધ્ધમાં ખોટી અરજી કરી મને માનસિક ત્રાસ આપતા હોય તથા તેના કહેવાથી આ લોકો મારી સાથે ઝઘડો કરવા આવેલ હોય. જેથી મેં મારી ખેતીની જમીને ઝેરી દવા પી લેતા આ બનાવ બનેલ છે. તો તેના સામે ધોરણસર થવા મારી ફરિયાદ છે તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૫ | ૧૬૧૧ |
| ૨ | ઘઉં | ૪૭૬ | ૪૯૫ |
| ૩ | ચણા | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૪ | મગ | ૧૬૫૫ | ૧૮૬૫ |
| ૫ | રાઈ | ૯૨૬ | ૯૨૬ |
| ૬ | મેથી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૭ | તલ કાળા | ૨૯૯૦ | ૨૯૯૦ |
| ૮ | સોયાબીન | ૯૩૩ | ૯૩૩ |
| ૯ | ચોળી | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૦ | જુવાર | ૯૬૦ | ૯૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૪૪૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| ૩ | શીંગ દાણા | – | ૧૭૩૧ |
| ૪ | તલ સફેદ | ૨૭૫૦ | ૩૨૨૬ |
| ૫ | તલ કાળા | ૨૯૧૧ | ૩૨૫૫ |
| ૬ | કપાસ | ૧૦૫૦ | ૧૬૦૫ |
| ૭ | કપાસ નવો | ૧૦૪૫ | ૧૫૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૩૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૩૯૯ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૯૦ |
| ૧૨ | રાજગરો | ૨૩૫૦ | ૨૪૦૧ |
| ૧૩ | ચણા | ૧૧૧૧ | ૧૨૦૦ |
| ૧૪ | તુવેર | – | ૧૯૦૧ |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૧૦૫ |
| ૧૬ | ચોળી | – | ૨૭૦૧ |
| ૧૭ | રાય/રાયડો | ૯૦૦ | ૯૮૦ |
| ૧૮ | સોયાબીન | ૯૦૦ | ૯૨૭ |

પાના ૮ ઉપરનું ચાલું

## જંતુનાશક દવાઓ, દૂધ તેમજ ખાદ્ય પદાર્થોમાં

ચોમાસુ સિઝનમાં ૨૫ દિવસ વરસાદ ન થાય એટલે ખેડૂતોએ વાવણી કરેલ પાકને નુકસાની થાય છે તેનું વળતર સરકારે આપવું જોઈએ. તેમજ પુરતી અને દિવસે વીજળી ન મળવાનાં કારણે રાતનાં જંગલી પશુઓનો ત્રાસથી ખેડૂતો પોતાના પાકને પાણી આપી શકતા નથી અને તેમાંય અમરેલી જિલ્લાની આસપાસ ખારાપાટ વિસ્તાર હોવાને કારણે કૂવા કે બોરવેલનું પાણી આપવામાં આવે તો જમીન બંજર બનતી જાય છે ના છુટકે ખેડૂતોનો એકમાત્ર આધાર વરસાદ અને કુદરત ઉપર છે. ખેડૂતોને પાયાનાં ખાતર તેમજ યુરીયા સમયસર ન મળવાને કારણે અતિવૃષ્ટિમાં ચોમાસું પાક સદંતર નિષ્ફળ ગયા છે. ખેડૂતોનું કોઈપણ બાબતમાં અપાતી સહાય મજાક બની ગઈ છે. તાજેતરમાં ઓનલાઈન તાલપત્રી (બુંગણ) સબસીડીથી અપાય છે તે માત્ર ૨–૩ કલાકમાં ઓનલાઈન બંધ થઈ ગયેલ છે અને કોઈ ખેડૂત ઓનલાઈન કરવા જાય તેને ખર્ચ થાય છે. તેથી ખેડૂતોની મજાક કરવી એ યોગ્ય લાગતી નથી. આવી મજાક બંધ કરીને ખેડૂતોને કોઈ સીધી સહાય માટેની કોઈ યોજના બનાવવી જોઈએ તેમાં પણ ખેતીવાડી ખાતું ભ્રષ્ટાચારથી ખદબદે છે તેથી આ બાબત શકય છે કે કેમ ? તે પણ એક પ્રશ્નાર્થ છે.

વધુમાં જણાવેલ છે કે, ખેતીવાડી ખાતામાં અધિકારીઓ/પદાધિકારીઓ એટલો ભ્રષ્ટ વહીવટ થતો જાય છે તેના કારણે ખેડૂતોને શુધ્ધ બિયારણ મળતા નથી. બીજ નિગમ ભાંગી જવાના આરે છે, ગ્રામ વિકાસ તેમજ ખેતી વિકાસ ખેડૂતો માટે જે નિગમો છે તે ભ્રષ્ટાચારનાં કારણે બંધ થયેલ છે તેમાં ઓછું હોય તેમ ૧૦૭ ઉત્પાદકો ખોટી દવાનું ઉત્પાદન કરી ખેડૂતોને પધરાવી રહ્યા છે. તેમાં ખેતી સાથે જોડાયેલા અધિકારી/પદાધિકારીઓનું મેળાપીપણું પણ હોય તેવી ચર્ચાઓ ચાલી રહી છે. ખેડૂતોને તો હવે માત્ર કુદરત જ બચાવે તેવી પરિસ્થિતિ ગાંધી સરદારનાં ગુજરાતમાં નિર્માણ થઈ છે. ત્યારે ખેડૂતોની વાહવાહી કરવાના બદલે આ બાબતમાં ગંભીરતા દાખવી ખેતીવાડી ખાતા મંત્રાલય સહિત એકયુરેસી ખેડૂતો માટે નિભાવવી જરૂરી બની છે. ખેતી કરતો ખેડૂત ૨૪ કલાકમાંથી ૨૦ કલાક મહેનત કરે છે તેમની સાથે આવી છેતરપીંડી ચલાવી શકાય નહી. તાત્કાલીક અસરથી તપાસ પંચ નીમીને ખોટા બિયારણ, જંતુનાશક દવામાં ખેડૂતો છેતરાઈ રહ્યાં છે તે છેતરાતા બંધ કરવા કડકમાં કડક કાર્યવાહી કરવી જરૂરી બની છે. તુર્ત જ ખેતીવાડી ખાતા મારફત ગંભીરતા દાખવવવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## જાહેર નોટિસ

આથી અમો સતારભાઈ સુલેમાનભાઈ સૈયદ, રે. બાબરા, ઠે. દિલાવર પેલેસ, તા. બાબરાવાળા તાકીદ કરી જાહેર જનતા તેમજ લાગતા વળગતા જોગ લખી જણાવીએ છીએ કે,

બાબરા તાલુકાના બાબરા ગામે શ્રી જયદીપભાઈ મંગળુભાઈ વીછીયાના નામે ખેડૂત ખાતા નં. ૬૦૫, રેવન્યુ સર્વે નં. ૧૫, ની હેકટર આરે ૧–૨૬–૪૭ ચોરસ મીટર જમીન આવેલી હોય, સદરહુ ખેતીની જમીન અમો નોટિસ આપનાર અવેજની રકમ ચુકવી ખરીદવા ઈચ્છતા હોય. જેથી અમો આ નોટિસથી જાહેર કરીએ છીએ કે, સદરહુ આગળની વિગતે જણાવેલી ખેતીની જમીન બાબતે કોઈનું હકક હિત સમાયેલું હોય કે, કોઈ ઈસમને વાંધા તકરાર હોય કે સદરહુ ખેતીની જમીન બાબતે કોઈ વ્યકિત વિશેષનો કે, બેંક કે, મંડળી કે, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા વિગેરેનો બોજો, બાનાખત, સાટાખત, ગીરોખત, વેચાણના પાવર વાળુ કુલ મુખત્યાર, બાબતે પ્રાશ સમાયેલો હોય તો દિન–૭ અમો નોટિસકર્તાને રૂબરૂ મળવું અથવા નીચે જણાવેલ મોબાઈલ નંબર પર સંપર્ક સાધી વિગતો જણાવવી. જો આવું કશું દિન–૧૦ જણાઈ આવશે નહિં. તો અમો નોટિસ કર્તા યાને ખરીદ કરવાના ઈચ્છુક એમ સમજી લેશું કે, સદરહુ ખેતીની જમીનમાં કોઈને વાંધો તકરાર નથી અને, કોઈનું લહેણું માંગણું સમાયેલું નથી. તેવુ માની રજી.વેચાણ દસ્તાવેજથી આ ખેતીની જમીન ખરીદ કરી લેશુ અને, કબજો સંભાળી લેશું ત્યાર બાદ કોઈ સંસ્થા કે, વ્યકિત વિશેષનો વાંધો તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જેની જાહેર લાગતા વળગતા નોંધ લેશોજી.

**લી. સતારભાઇ સુલેમાનભાઇ સૈયદ**
**મો. ૯૪૨૬૦ ૨૮૦૬૭**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૧૪ |
| ૨ | ચણા | ૮૩૫ | ૧૧૬૧ |
| ૩ | તલ સફેદ | ૩૨૭૦ | ૩૨૭૦ |
| ૪ | બાજરો | ૪૦૪ | ૪૦૪ |
| ૫ | સોયા | ૮૭૨ | ૯૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૦૯ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૪૯૧ |
| ૮ | મગફળી | ૧૦૦૧ | ૧૨૮૦ |
| ૯ | ધાણા | ૧૧૨૭ | ૧૨૧૨ |
| ૧૦ | મેથી | ૬૫૦ | ૬૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં શિક્ષક પંકજ વઘાસિયાએ

કરેલ કારનામાની ચર્ચાઓ શરૂ થઈ હતી અને તેઓએ અનેક રાજકીય આગેવાનોએ પણ તેની કાળી કમાણી ગુમાવી દીધી. પરંતુ તેઓએ દબાણ કરાવીને પોતાની રકમ મેળવી લીધાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

એક શિક્ષક ઘણા મહિનાઓથી અવનવી સ્કીમો ધ્વારા નાણાનાં ઉઘરાણા કરતો રહ્યો અને સૌ અંધારામાં રહી ગયા અને હવે એક ફરિયાદ દાખલ થતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

કરોડો રૂપિયાનાં કથિત કૌભાંડ અંગે ખાસ ટીમની રચના કરીને તપાસ કરવામાં આવે અને પોલીસનાં આઈબી વિભાગે આ બાબતે નજર રાખવી જરૂરી બની છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બનાવટી તબીબ સામે કરી લાલ આંખ

ગુજરાત મેડિકલ કાઉન્સિલ એકટ ૧૯૬૭ની કલમ ૨૯ અને ઈન્ડીયન મેડિકલ કાઉન્સિલ એકટ ૧૯૫૬ની કલમ ૧૫(૩) મુજબ ધોરણસરની કાર્યવાહી રાજુલા પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ.

પોલીસ અને આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર આવા બોગસ તબીબો ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં દર્દીઓને સસ્તી સારવાર આપવા સાથે સ્થાનિકોમાં વિસ સંપાદિત કરી પોતાની હાટડીઓ ચાલુ રાખવામાં સફળ રહેતા હોય છે. માટે લોકો દ્વારા જાગૃતતા કેળવી જો આવા બોગસ ડોકટરો વિશે સ્થાનિક લોકો દ્વારા રજુઆત કરવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જે યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## જાહેર નોટિસ

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી, ધારી.**

બ.ડે.રજી. નં. ૧૨૦/૨૦૨૩ — નં. એમએજી/વશી/૯૩૦/૨૩
તા. ૨૯/૦૮/૨૦૨૩

અરજદાર : શ્રી બુટાણી વ્રજલાલ દેવરાજભાઈ
રહે. દલખાણીયા, તા.ધારી, જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
– વ –
તલાટી કમ મંત્રી – દલખાણીયા, તા. ધારી.

:: નોટિસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દલખાણીયા ગામના રહીશ શ્રી બુટાણી વ્રજલાલ દેવરાજભાઈ એ તેમના પુત્રી જયોત્સના વજુભાઈ બુટાણી જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૬નાં રોજ ધારી તાલુકાના દલખાણીયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૫/૧૦/૨૦૨૩ ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સિક્કો

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**ધારી**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૭૨ | ૧૬૭૮ |
| ૨ | ઘઉં | ૪૦૯ | ૫૪૧ |
| ૩ | ચણા | ૮૨૦ | ૧૧૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૫૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૬૨૫ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૪૨૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૩ |
| ૬ | જુવાર | ૭૭૧ | ૧૦૬૫ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૬ |
| ૯ | અજમા | ૨૭૦૧ | ૨૭૦૧ |
| ૧૦ | રાય | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૧ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

### ૬૬મી નેશનલ ગેઈમ્સમાં ભાગ લઈને

# અમરેલીની શ્રીમતિ એસ.એચ. ગજેરા ડી.એલ. એસ.એસ.નાં ખેલાડીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો

## સંસ્થાનાં પ્રમુખ સહિતે શુભકામના પાઠવી



અમરેલી, તા. ૨

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત ડીસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ અમરેલીનો ખેલાડી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ–૧૨ માં અભ્યાસ કરતાં ઘોરિયા વિજયભાઈએ ૬૬મી રાષ્ટ્રીય શુટીંગ સ્પર્ધામાં દિલ્હી મુકામે બ્રોન્ઝ મેડલ જીતી અમરેલી ડી.એલ. એસ.એસ. વિભાગ વિદ્યાસભા સ્કૂલ પરિવારનું અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ડી.એલ.એસ.એસ. અમરેલીનાં વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કક્ષાએ અનેરી સિધ્ધી મેળવવા બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, શુટીંગ કોચ પુલકીતાબેન નિમ્બાવાલ તથા સમગ્ર સ્ટાફગણે ખૂબ ખૂબ અભિનંદન પાઠવી તેમની આ સફળતાને બિરદાવી હતી, સાથે સાથે સંસ્થાવતી પણ સન્માનપત્ર અને ટ્રોફી અર્પણ કરી વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. હાલમાં વિવિધ ગેમમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ તાલીમ લઈને જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ ઉત્તમ સિધ્ધીઓ મેળવે છે, તે ખેલાડીઓને હૃદયપૂર્વક અભિનંદન આપી ઉત્તરોત્તર સફળતા માટે શુભકામના પાઠવવામાં આવે છે.

### ''નિરાધારનો આધાર એટલે સોમનાથ''

# શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મનોદીવ્યાંગ પ્રભુજીઓને સોમનાથ મહાદેવનાં દર્શન કરાવવામાં આવ્યાં

## શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવનાં દર્શને પહોંચ્યા સંસારનાં મોહમાયાથી મુકત મનોદિવ્યાંગ ભકતો

સોમનાથ, તા. ૨

શ્રાવણ માસ પોતાનાં મધ્યમાં પહોચ્યો છે ત્યારે પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવનાં દર્શને દેશવિદેશનાં ભકતોનો, ભકિત સાગર છલકાયો છે. ભાવિકો વિવિધ પ્રકારની ઉપાસના કરી સોમનાથ મહાદેવનાં આશીર્વાદ મેળવી રહ્યાં છે. ત્યારે રાષ્ટ્રનાં યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કાર્યરત સોમનાથ ટ્રસ્ટે ફરી વખત અદ્ભૂત સંવેદના પ્રગટ કરીને મનોદિવ્યાંગો માટે સોમનાથ યાત્રાનું આયોજન કર્યું હતું.

ગીર સોમનાથ જિલ્લામાં ડારી ટોલ પ્લાઝા નજીક કાર્યરત ''નિરાધારનો આધાર આશ્રમ'' જે ૧૦૦ જેટલા મનોદિવ્યાંગને પ્રભુજીનું સ્વરૂપ માની સેવા કરે છે. આશ્રમ ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પોતાની બસો મોકલીને મનો દિવ્યાંગોને શ્રી સોમનાથ મંદિર સુધી લાવવામાં આવ્યાં હતાં. વિશેષ પ્રવેશ વ્યવસ્થા કરીને જે દિવ્યાંગ ચાલી ના શકે તેઓને ગોલ્ફ કાર્ટ દ્વારા મંદિરમાં લાવવામાં આવ્યાં હતાં. દિવ્યાંગોને વિશેષ સંભાળ લઈ શાંતિપૂર્વક સોમનાથ મહાદેવનાં દર્શન કરાવવામાં આવ્યાં હતા. દર્શન બાદ મંદિર પરિસરમાં સંકિર્તન ભવન ખાતે દિવ્યાંગ પ્રભુજીઓનાં સમૂહ માટે ધ્વજા પૂજા કરવામાં આવી હતી. પૂજા બાદ ઢોલ શરણાઈનાં સૂર સાથે મનોદિવ્યાંગો મહાદેવની ભકિતમાં જુમી ઉઠયા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા તમામ પ્રભુજીઓનું ખેસ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ મહાદેવનો ચિકિ પ્રસાદ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તમામ પ્રભૂજીઓને બસ દ્વારા શ્રી ગોલોકધામ તીર્થ ખાતે દર્શન કરાવવામાં આવ્યાં હતા.

ગોલોકધામ પ્રવાસ પૂર્ણ થયે શ્રી સોમનાથ ટ્રસ્ટનાં અન્નક્ષેત્રમાં વિશેષ વ્યવસ્થા સાથે મનોદિવ્યાંગ પ્રભુજીઓને મહાપ્રસાદ સ્વરૂપે ભોજન કરાવવામાં આવ્યું હતું.

**નિરાધારનો આધાર આશ્રમ અને શ્રી સોમનાથ ટ્રસ્ટનું તાદાત્મ્ય :**

આશ્રમની સ્થાપના બાદ તેના નિભાવમાં શ્રી સોમનાથ ટ્રસ્ટની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આશ્રમની સ્થાપના બાદ ૧ વર્ષ સુધી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આશ્રમને તમામ પ્રકારનું રાશન પૂરું પાડવામાં આવ્યું હતું. ૧ વર્ષ સુધી શ્રી સોમનાથ ટ્રસ્ટની ગૌશાળામાંથી દૂધ પણ આશ્રમને મોકલવામાં આવ્યું હતું. આજે પણ જયારે જયારે આશ્રમને આવશ્યકતા ઉભી થાય છે.

ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ તેમની સહાયતા કરવામાં અગ્રેસર હોય છે. ઉલ્લેખનીય છે કે શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં અનેકવિધ દિવ્યાંગલક્ષી પ્રકલ્પો ચલાવી રહ્યુંછે. જેમાં સોમનાથ સોમનાથ મહાદેવને અર્પણ કરેલ વસ્ત્રો રાજયસરકારનાં સહયોગથી રાજયભરમાં દિવ્યાંગ ગૃહોમાં પહોંચાડવામાં આવ્યાં છે.

મહાદેવને જયારે પણ કેરી સહિતનાં ફળોનો મનોરથ કરવામાં આવે છે તે ફળોને મહાદેવનાં પ્રસાદ સ્વરૂપે વિવિધ દિવ્યાંગ ગૃહોમાં વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાંજ વડોદરાથી પધારેલ પ્રજ્ઞાચક્ષુ સમૂહને પણ ટ્રસ્ટ દ્વારા રહેવા–જમવાની વ્યવસ્થા સાથે સોમનાથની યાત્રા કરાવવામાં આવી હતી. આ રીતે શ્રી સોમનાથ ટ્રસ્ટ દિવ્યાંગ પ્રાધાન્યતાનાં સંવેદનશીલ મૂલ્યો સાથે તીર્થમાં દિવ્યાંગ ભાવિકોને સર્વોત્તમ આતિથ્ય આપવા સતત કાર્યરત છે.

### બાલભવન દ્વારા આયોજન

# અમરેલી ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની આઈ.ટી. કિવઝમાં રૂપાયતનનો વિદ્યાર્થી અગ્રેસર

## ધો. ૯ નાં વિદ્યાર્થી ધૈર્ય મહેતાનો ઉત્કૃષ્ઠ દેખાવ

અમરેલી, તા. ૨

અમરેલીનાં બાલભવન દ્વારા આયોજિત થયેલ જિલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી. કિવઝ અને નેશનલ સાયન્સ સેમિનારમાં અમરેલીનાં સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન સંચાલિત દીપક હાઈસ્કૂલનાં ધોરણ નવનાં વિદ્યાર્થી ધૈર્ય કે. મહેતાએ ઉત્તમ દેખાવ કરી સમગ્ર જિલ્લાનાં પ્રથમ ૧૦ ક્રમાંકનાં વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવેલ છે. સમગ્ર જિલ્લામાંથી આ કિવઝમાં ૧૭૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. જેમાં તેઓએ સુંદર પ્રત્યુત્તર આપી પોતાની ઉત્તમ પ્રસ્તુતિ દ્વારા ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ત્યારે તેમનાં માર્ગદર્શક શિક્ષક જયેશભાઈ વ્યાસ અને ધૈર્ય કે. મહેતાને શાળા પરિવાર, આચાર્ય અને ટ્રસ્ટીમંડળ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. હવે પછી આગામી દિવસોમાં ભાઈ ધૈર્ય રાજય કક્ષાએ ભાગ લેવા જશે. તેઓને રાજયકક્ષાએ પણ જવલંત સિદ્ધી મળે અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરે તેવી રૂપાયતન પરિવાર વતી હાર્દિક શુભેચ્છા.

# ખરીદ સીઝનમાં પાકને પાણીની અછત ન થાય તે માટે તકેદારીનાં પગલા લેવા

અમરેલી તા.૨, જિલ્લામાં તમામ વિસ્તારમાં ખેતીમાં ચાલુ ખરીફ સીઝનમાં પાકને પાણીની અછતના વર્તાય તે માટે ખેડૂતો બાષ્પી ભવનને કારણે પાણીના નુકશાનને અટકાવવા સમયસર આંતરખેડ અને નિંદામણ કરી પાકને નીંદણમુક્ત રાખવો અને આચ્છાદન કરવું, પાણીની ઉપલબ્ધિ અનુસાર પિયત આપવુ, જેમ જેમ છોડ પરિપકવ થાય તેમ તેમ કાપણી કરવી જેથી ભેજનો સંગ્રહ થઈ શકે તેમજ વરસાદ આધારિત પાકને કટોકટી અવસ્થાએ જીવન રક્ષક પિયત આપવું, ટયુબવેલ તથા કુવાથી થતાં પિયતમાં સાંકડા અંતરે વવાતા પાકોમાં ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવાથી પાણીનો વ્યય અટકાવી શકાય છે,

ખેડૂતોએ પાણીનો બગાડ અટકાવવા પાકને પાણી નહીં પરંતુ પુરતા ભેજની જરૂર છે તેને ધ્યાને રાખીને જ પિયત કરવું વગેરે પગલા લઈ શકે છે. વધુ જાણકારી માટે ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી કે.વી.કે, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિ. અને તાલીમ) ઉપરાંત કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧ નંબર પર સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# રાજુલાનાં સર્પવિદ્ અશોકભાઈ સાંખટનું વન વિભાગ દ્વારા સન્માન



રાજુલા, તા.૨

કહેવાય છે કે ભગવાનની ઘરે દેર છે. પણ અંધેર નથી. સદકર્મોની અને સમાજ સેવાની સમય આવ્યે વ્યકિતની કદર કરવામાં આવતી હોય છે. એક એવી મળવા જેવી વ્યકિત કે જેણે સેવા કરવામાં ઘડિયાળ સામે કયારેય જોયું નથી. તે વ્યકિત છે સર્પ સંરક્ષણ મંડળ રાજુલાનાં પ્રમુખ અશોકભાઈ સાંખટની સેવાઓની નોંધ લેવામાં આવી છે. તાજેતરમાં રાજુલામાં આવેલ સિંહણ સ્મૃતિ સ્મારક ખાતે યોજાયેલ વન્ય–પ્રકૃતિ કાર્યક્રમમાં પ્રકૃતિ પ્રેમીઓની હાજરીમાં સર્પ સંરક્ષણ મંડળ રાજુલાનાં પ્રમુખ અશોકભાઈ સાંખટનું રાજુલાનાં આર.એફ.ઓ. યોગરાજસિંહ રાઠોડ અને જાફરાબાદના આર.એફ.ઓ. જી.એલ. વાઘેલાના હસ્તે સન્માન કરી, બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અશોકભાઈ સાંખટ છેલ્લા ત્રીસેક વર્ષથી સર્પ સંરક્ષણની પર્યાવરણ ક્ષેત્રમાં, અંધશ્રદ્ધામાંથી બહાર લાવવા, ચકલીઓનાં માળાઓ બનાવી વિતરણ કરવું. બીમાર પશુ–પક્ષીઓની સેવા કરવી, જેવી સમાજલક્ષી સેવા કરી રહયા છે. તેમનાં બંને પુત્રો અમિત અને મિત અને તેમના ધર્મ પત્ની ભાવનાબેન પણ અશોકભાઈને તેમનાં આ કાર્યોમાં સંપુર્ણ સાથ – સહકાર આપે છે. અશોકભાઈ, રાજુલા, જાફરાબાદ, ઉના, મહુવા, ખાંભા, સાવરકુંડલા, લીલીયા, ગારિયાધાર, તળાજા, ધારી તાલુકાનાં ગામોમાં પણ સેવાઓ આપી રહયા છે.

### યુવા નેતા મનિષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

# ધારી ખાતે ૬ દિવસીય યુવક સહકારી સેમિનારનો શુભારંભ

## જિલ્લા સંઘનાં અધ્યક્ષ પણ ઉપસ્થિત રહ્યાં





અમરેલી, તા. ૨

ગુજરાત રાજય સહકારી સંઘની દિશા નિર્દેશો અનુસાર અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ ધારી યોગીજી મહારાજ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા ૬ દિવસીય યુવક સહકારી શિક્ષણ વર્ગનો શુભારંભ કરાયો હતો.

ત્યારે આ કાર્યક્રમ ધારી મહિલા કોલેજ ખાતે ૬ દિવસ સુધી ચાલશે. જેમાં સહકારનાં વિવિધ વિષય નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે.

જયારે આ શુભારંભ પ્રસંગે અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘનાં અધ્યક્ષ જયંતિભાઈ પાનસુરીયા, કાલેજનાં પ્રિન્સિપાલ રાજેશભાઈ દવે, અમરેલી જીલ્લા સહકારી સંઘનાં મેનેજર ભાર્ગવ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.ઈ.આઈ. સંદીપભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.


## જાહેર હરરાજી

**દેવળીયા ગ્રામ પંચાયત હસ્તકના લોખંડના બારણા તથા લોખંડની કચરાપેટી જાહેર હરરાજીથી નિકાલ કરવા બાબત**

ઉપરોકત વિષય પરત્વે સંદર્ભમાં જણાવેલ ગ્રામ પંચાયત દેવળીયાના પત્ર અનુસાર જણાવવાનું કે, દેવળીયા ગ્રામ પંચાયત હસ્તકની લોખંડના બારણા તથા લોખંડની કચરાપેટી જાહેર હરરાજીથી નિકાલ કરવાના કામે અત્રેના અ.મ.ઈ. દ્વારા સદરહું સ્થળ તપાસ કરી તાલુકા પંચાયત દ્વારા અપસેટ કિંમત નકકી કરી, હરરાજી કરવા માટે મંજુરી આપેલ લોખંડની કચરા પેટી તથા બારણાની સબબ ગ્રામ પંચાયત દેવળીયાની જાહેર હરરાજી આગામી **તારીખ : ૨૦/૦૯/૨૦૨૩, બુધવારે, સમય : ૧૨:૦૦ કલાકે, સ્થળ : દેવળીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખેલ છે.**

જેમાં રસ ધરાવતા ઈસમોએ ડીપોઝિટ હરરાજીની તારીખે ૧૦:૦૦ કલાકેથી હરરાજીના સમય દરમ્યાન ભરવાની રહેશે, શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**ભાવનાબેન નાથાલાલ સુખડીયા**
**સરપંચ**
દેવળીયા ગ્રામ પંચાયત કચેરી
મુ. દેવળીયા, તા.જિ. અમરેલી.


# અત્રિ અનસૂયા

## આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદિનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

ભગવાને સૃષ્ટિનું સર્જન કર્યુ, માનવીનાં સુખ માટે અનાજનાં કોઠારો છલકાવ્યા, વસ્ત્રાભૂષણો સજાવ્યાં, પંખીઓનો કલશોર ગુંજતો કર્યો. મનુષ્યોનાં સુખ માટે સર્વ સાધનો ખુલ્લાં મુકયાં. જેને જે જોઈએ તે લઈ જવાનું જાહેર કર્યુ. ન દેખ્યાનું દેખ્યું હોય તેમ માનવીઓ ધસી પડયા અને મધ્યાહ્ સુધીમાં તો બધા જ ભંડારો ખાલીખત્ર કરી નાખ્યાં।

ત્યારે જર્જરિત દેહને કારણે કષ્ટથી ચાલીને આવતો એક અતિવૃદ્ધ બ્રાહ્મ લાકડીનાં ટેકેટેકે આવતો દેખાયો. દ્વારપાળે ભંડારો ખાલી થઈ ગયાનું જણાવી પાછા વળવા કહયું, પણ ગમે તેટલું કહેવા છતાંય બ્રાહ્મણ એક ડગલુંવ પાછો હટયો નહી અને 'એક બ્રાહ્મણ આવ્યો છે'' એવું ભગવાનને જણાવવા વિનંતી કરતો જ રહયો. બ્રાહ્મણે કહયું : 'ભંડારો ખલાસ છે, હવે કશું જ નથી'' એ શબ્દો તમારા છે, ભગવાન નથી. ભગવાનો ભંડાર ખુટે જ નહીં.''

ઘણી રકઝકને અંતે દ્વારપાળ ભગવાન પાસે ગયો, વાત કરી, ભગવાન હસીને બોલ્યા : ''બ્રાહ્મણોને આપવા માટેનાં ભંડાર ખાલી થયા છે. પણ ભંડારનો નિર્માતા, વિશ્વંભર એવો હું તો છું ને ? અનિત્યનાં ભંડારોની લાલસા છોડી નિત્ય એવા મને જેણે વહાલો કર્યો છે અને હું પોતે અર્પણ થઈશ.'' ભગવાન વિપ્ર પાસે આવ્યાને કહયું : 'હે વિપ્ર। હું મારી જાત તમને સોંપુ છું. – દ્રતોડય તે મયાત્મેતિ ।'' દીનબંધુ ભકતવત્સલે આત્મદાન કર્યુ.

આ વૃદ્ધ તપસ્વી વિપ્ર તે અત્રિઋષિ અને ભગવાને દીધેલું આત્મદાન તે અત્રિનાં આંગણે અવતરેલા દતાત્રેય

મહર્ષિ અત્રિ એટલે પ્રસ્તૃત સાતમાં મન્વન્તરનાં સપ્તર્ષિમાંના એક ઋષિ, બ્રહ્માજીએ તપના પ્રભાવથી અગ્નિશિખામાંથી ઉત્પન્ન કરેલા સાત માનસ – પુત્રોમાંનાં એક મહિમાવાન પ્રાચીન ઋષિ. સપ્તર્ષિ – તારા મંડળમાં વચ્ચેનો તારો તે અત્રિઋષિનો તારો.

ઉપનયન તેમ જ ઉપક્રમે – સંસ્કાર આપવાનાં પ્રસંગે અથવા ઋષિપંચમી જેવા પવિત્ર દિવસે આપણું ધ્યાન આ તેજસ્વી તારા તરફ મંડાય અને આપણે કૃતાર્થભાવે કહીએ :

અત્રેય નમસ્તુભ્ય સર્વભોકહિતેશિની
શુદ્રરૂપાય સત્યગ બ્રહ્મેમિત તેજસે।

'વિશ્વકલ્યાણનું સતત ચિંતન કરનારા, સમસ્ત જનસમુદાયમાં સૌથી વધુ શુદ્ધ, તેજસ્વી અને સત્યતાં પુજારી એવા અત્રિને નમસ્કાર '

માનવતાથી છલકાતા મહર્ષિ અત્રિ સપ્તર્ષિમાંના એક તો ખરા, પણ ખગોળશાસ્ત્ર પ્રમાણે વાત કરીએ તો સપ્તર્ષિનાં ચોથા તારાને, જેને લાંબી દાઢીવાળો કલ્પવામાં આવે છે તે અત્રિનો તારો, જેને લેટિન ભાષામાં 'મેગેઝ' કહે છે વળી તેને ડેલ્ટા 'ઠ' (DELTA) તરીકે પણ ઓળખીએ છીએ.

અત્રિઋષિને યાદ કરીએ એટલે તાદશ થાય :

જટિનામ ભસ્મદ્રિગ્ધાંગમ સાક્ષસૂત્રમ કમંડલમ્
વલ્કલેજીન કૈપીન સતપત્ર સદ્રાનંદ્રકમ્।
સંકુશં કોટારીયંકા સપત્ની પ્રપૂજયેત॥

''કાળજીપુર્વક બંધાયેલી મોટી જટા, ગળામાં રૂદ્રાક્ષની લાંબી માળા, એક હાથમાં ગંગાજળભરેલું કમંડળ, આસન માટે જરૂરી એવું બગલમાં દબાવી રાખેલું મૃગચર્મ, ખભા પર ખેસ, માથે છત્ર અને બીજા હાથમાં ઝાલેલો દાંડા એવા કૌપીનધારી સપત્ની અત્રિ પુજનીય ગણાયા છે.''

આ છે મહિમાવંત પ્રતિભા ધરાવતા મહર્ષિ અત્રિ, જેઓ ત્રણેય ગુણોથી પર અને પાછા ધરતીપુત્ર, વળી કેટલાય જન્મો ધારણ કરે છતાંય જન્મથી નિર્લેપ.

(ક્રમશઃ)

### શિક્ષકો અને આચાર્યોની વિવિધ માંગોને લઈને

# અમરેલી ખાતે શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા રામધુનનો કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા જિલ્લાનાં આચાર્યો, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો, વહીવટી કર્મચારીઓ દ્વારા શિક્ષકોની, આચાર્યોની વિવિધ માંગણીઓ અનુસંધાને પારેખ–મહેતા વિદ્યાલય, અમરેલી મુકામે રામધૂનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી બહોળી સંખ્યામાં વિવિધ સંઘનાં હોદ્દેદારો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં




આચાર્ય સંઘના પ્રમુખ સી.પી. ગોંડાલિયા, મહામંત્રી મુકુંદભાઈ મહેતા, વિપુલભાઈ વ્યાસ, ઉચ્ચત્તર માધ્યમિક સંઘના તુલશીભાઈ મકવાણા, નિલેશ કોઠાડિયા, માધ્યમિક સંઘના પ્રમુખ પરેશ રાઠોડ, મહામંત્રી નિલેશ મહેતા, વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ કનક જાની, મંત્રી જીતુભાઈ ભંડેરી તેમજ પ્રવિણભાઈ વસરા, વાળાભાઈ મોટી સંખ્યામાં જોડાઈ રામધૂન કાર્યક્રમ કરેલ હતો અને સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલ. પ્રશ્નોનાં પરિપત્રો ઠરાવો તાત્કાલિક બહાર પાડી નિકાલ કરવાની માંગણી કરેલ હતી.

# જૂનાગઢ : જલારામ ભકિતધામ ખાતે રઘુવંશી સમાજનો સમૂહ નૂતન જનોઈ ધારણનો કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા. ૨

જૂનાગઢ ખાતે આવેલા જલારામ ભકિતધામ ઝાંઝરડા રોડ ખાતે રઘુવંશી સમાજ દ્વારા સમૂહ નુતન જનોઈ ધારણ કરવામાં આવી આજનો દિવસ એટલે કે શ્રાવણી પૂર્ણિમા.

સનાતન હિંદુ ધર્મ માટેઆજનો દિવસ એટલે રક્ષાબંધન, બળેવ નામથી ઓળખાય છે સાથે સાથે આજે રઘુવંશી સમાજના લોકો જનોઈ ધારણ કરતા હોય છે એટલે કે વર્ષમાં એક વખત જનોઈ બદલાવતા હોય છે આજના દિવસે જૂનાગઢ ખાતે આવેલા જલારામ ભકિતધામ ખાતે સમૂહ જનોઈ ધારણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આપણી વિસરાતી પરંપરાઓને જાળવી રાખવાનું કાર્ય કરવામાં આવ્યું હતું.

જલારામ ભકિતધામ ખાતે આજે વહેલી સવારથી જ અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ આજે પૂનમ હોવાથી જલારામ બાપાનાં મંદિરનાં શિખર પર ધજાજી ચઢાવવામાં આવી હતી. જેના મનોરથી ચેતનભાઈ રાજા પરિવાર હતો. આ પરિવારે પણ ધામધૂમથી ધજાજી ચડાવી હતી. ત્યારબાદ સોલાર પ્લાન્ટ અને ભોજનશાળા ઉપર ડોમનાં દાતા દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જેનાં દાતા ડોકટર આહિયા દ્વારા કરવામાં આવ્યું હતું. જયાંથી જલારામ ભકિતધામનાં નિર્માણની શરૂઆત કરવામાં આવી હતી ત્યારથી સમયાંતરે આહીયા દ્વારા બધી રીતે સાથ અને સહકાર આપવામાં આવતો હોય છે તેવું જલારામ ભકિતધામનાં ટ્રસ્ટી પી.બી. ઉનડકટે જણાવ્યું હતું.



ત્યારબાદ રઘુવંશી સમાજે સમૂહમાં જનોઈ ધારણ (બદલવા)નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં રઘુવંશી સમાજનાં શાશ્વતગોર આનંદભાઈ પેરાણી દ્વારા શાસ્ત્રોકત વિધિ દ્વારા સમૂહમાં જનોઈ ધારણ કરાવવામાં આવી હતી.

આનંદભાઈ પેરાણીએ પણ જણાવ્યું હતું કે રઘુવંશી સમાજ ક્ષત્રિય સમાજ છે અને જનોઈનું શું મહત્વ છે. રઘુવંશી સમાજ શા માટે જનોઈ ધારણ કરે છે તે શાસ્ત્રોકત રીતે સમજાવી અને જનોઈ ધારણ કરાવી હતી સાથે જલારામ ભકિતધામનાં ટ્રસ્ટી પી.બી ઉનડકટે જણાવ્યું હતું કે જે આપણી સનાતન સંસ્કૃતિ વિસરાતી જાય છે તેને આપણે ભૂલી ન જઈએ અને શાસ્ત્રોકત રીતે આપણે આપણા દરેક કાર્યો કરીએ એના પ્રયાસ રૂપે આજે જલારામ ભકિતધામ ખાતે શાસ્ત્રોકત રીતે સનાતન રીતે સમૂહ નુતન જનોઈ ધારણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જલારામ ભકિતધામ અનેક વિવિધ કાર્યક્રમો કરતું હોય છે.

લોહાણા સમાજની નાગ પાંચમ, બોળચોથ ગાયનું પૂજન જલારામ જયંતી રામ જન્મોત્સવ આવા અનેકવિધ સમાજ સેવાના કાર્યો આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે પી.બી ઉનડકટે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## અમરેલીનાં પૂર્વ સાંસદ, ખેડૂત નેતા અને કોંગી નેતા વિરજી ઠુંમરની માંગ

# જંતુનાશક દવાઓ, દૂધ તેમજ ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવો

### બનાવટી દૂધ, તમાકુ જેવા દુષણથી કેન્સર જેવા જીવલેણ રોગોનું પ્રમાણ વધતું હોવાનું જણાવાયું

### બનાવટી જંતુનાશક દવાનાં પાપે જગતાત ગણાતા ખેડૂતોને લોહી-પાણી એક કર્યા પછી કોઈ વળતર મળતું નથી

### ખેતીવાડી વિભાગમાં બેફામ ભ્રષ્ટાચાર કરવામાં આવતો હોવાનો પણ કર્યો આક્ષેપ

### રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ખેતી વિભાગમાં થતાં ભ્રષ્ટાચારની તપાસની માંગ કરી

અમરેલી, તા. ૨

અમરેલીનાં પૂર્વ સાંસદ, ખેડૂત અને કોંગી નેતા વિરજી ઠુંમરે રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, ખાદ્ય પદાર્થ, ફ્રૂટ, દૂધ, તમાકુંમાં ભારે મોટી ભેળસેળ ચાલી રહી છે તેના કારણે ગુજરાત રાજયમાં કેન્સરનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતા જાય છે. તાજેતરમાં અનેક યુવાનો હાર્ટ એટેકથી જાન ગુમાવવાનાં દિન-પ્રતિદિન સમાચારો વધતા જાય છે. ખેડૂતનો દીકરો ખેતી છોડતો જાય છે તેની પાછળ ના કારણોમાં ઈનપુટનો ભાવ વધારો અને આઉટપુટમાં ખેડૂતને પોષણક્ષમ ભાવ ન મળવાના કારણે ખેડૂતોમાં પણ આત્મવિલોપનનાં પ્રમાણ વધ્યા છે. વરસાદ ખેંચાતા ખેડૂત ચિંતામાં છે. અછત અને દુષ્કાળનાં મેન્યુઅલ પ્રમાણે

અનુસંધાન પાના ૬ ઉપર

## કિતની ખૂબસુરત યે તસ્વીર હૈ



સાવરકુંડલાની સીમમાં સમી સાંજે અદભૂત નજારો જોવા મળ્યો હતો અને સૌ કોઈ બોલી ઉઠયા કે એ ચિત્રકાર કોન હૈ...? કુદરત અવારનવાર તેમની હાજરી કોઈને કોઈ બ્હાનાતળે બતાવે છે. પરંતુ આધુનિક દોડમાં પામર માનવી કુદરતનો કરીશ્મા નિહાળી શકતો નથી. તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ-સાવરકુંડલા

## અમરેલી જિલ્લામાં બોગસ તબીબોનો રાફડો ફાટયો

# રાજુલાનાં મફતપરા વિસ્તારમાં આરોગ્ય વિભાગે બનાવટી તબીબ સામે કરી લાલ આંખ

### પોલીસ અને આરોગ્ય વિભાગે સંયુકતપણે કામગીરી કરી



અમરેલી, તા. ૨

અમરેલી જીલ્લામા બોગસ તબીબોનો રાફડો ફાટયો છે ત્યારે રાજુલા પોલીસ અને આરોગ્ય વિભાગની સયુંકત ટીમ દ્વારા ચોક્કસ બાતમીના આધારે રાજુલા શહેરના મફતપરા વિસ્તારમાં તપાસ હાથ ધરતાં મુસ્તાકભાઈ રફીકભાઈ ચાવડા પાસે મેડિકલ કાઉન્સલીંગનું કોઈપણ પ્રકારનું રજીસ્ટ્રેશન, ડીગ્રી કે લાયકાત વગર છેલ્લા ઘણા ટાઈમથી દર્દીઓના આરોગ્ય સાથે છેડા કરી માનવ જીંદગીને જોખમમાં મુકતા હોવાનુ જણાઈ આવેલ. તેમજ ટીમને સર્ચ ઓપરેશન દરમિયાન અહીંથી એલોપેથિક દવાઓ, શિડયુલ એચ ડ્રગ, સ્ટેથોસ્કોપ, બીપી મશીન, ઈન્જેકશનો સહિતની ૫૧ પ્રકારની રૂા. ૬૫૫૯૧.૩૨ ની દવાઓ અને સાધનો જોવા મળેલ જે કાયદાકીય રીતે ડિગ્રીધારી તબીબ જ રાખી શકે. ઉપરાંત કિલનિક પર તપાસ દરમિયાન બાયો મેડિકલ વેસ્ટના નિકાલની કોઈ વ્યવસ્થા નહોતી કે ફાયર સેફટીના કોઈ સાધનો જોવા મળેલ નહિ.

એલોપેથીક સારવારને લગતી કોઈ પણ પ્રકારની સરકાર માન્ય ડિગ્રી ના જણાતા અને પોતે જાણતા હોવા છતા દર્દીઓને સારવાર આપી માનવ જિંદગી સાથે ચેડા કરતા હોવાનુ જણાતા તેમની સામે ઈ.પી.કો. કલમ ૩૬૬, ધ ગુજરાત મેડિકલ પ્રેકિટસનર એકટ ૧૯૬૩ની કલમ ૩૦, ૩૫ તથા

અનુસંધાન પાના ૬ ઉપર

## શ્રમિક વ્યકતિનાં મોતથી ચકચાર મચી

# લીલીયામોટા ખાતે આવેલ નીલકંઠ સરોવરમાંથી આધેડનો મૃતદેહ મળી આવ્યો

### મૃતકનું નામ ચંદુભાઈ રાઠવા હોવાનું બહાર આવ્યું



લીલીયા, તા. ૨

લીલીયા મોટાનાં નીલકંઠ સરોવરમાં એક આધેડની લાશ મળી હોવાની જાણ લીલીયાનાં સરપંચ જીવનભાઈ વોરાને કરાતા ઘટના સ્થળ

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)